પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૬૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૧૧-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભાજપે જાહેર કરાયેલા ૧૬૦ ઉમેદવારોમાંથી ૪૦ સીટિંગ ધારાસભ્યોની ટિકિટ કપાઈ

અમદાવાદ,

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે અને તેની વચ્ચે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પણ તેજ થઈ છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બાદ આજે ભાજપ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. આજે ૧૬૦ ઉમેદવારોના નામની યાદી જાહેર કરી છે તેમાં ૩૮ ચાલુ ધારાસભ્યની ટિકિટ કાપી નાંખી છે.

કેન્દ્રીય પ્રધાન ભૂપેન્દ્ર યાદવ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે આ ઉમેદવારોની યાદી જાહેર કરી છે જેમાં ૧૩ સિડ્યુકાસ્ટ, ૨૪ સિડ્યુ ટ્રાઈબ તેમજ ૧૪ મહિલાઓ યુવાનો અને પંચાયતી અને પ્રોફેશનલ ક્ષેત્રે જોડાયેલા ઉમેદવારોને સમાવવામાં આવ્યા છે. પ્રભારી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, સમાજના દરેક વર્ગના જોડાયેલા લોકોને સમાયોજિત કરવામાં આવ્યા છે. પ્રમુખ નેતાઓએ વરીષ્ઠ નેતાઓએ પત્ર લખીને કહ્યું છે કે, પ્રદિપસિંહ જાડેજા, આરસી ફળદુ સહીતના નેતાઓ પાર્ટી સંગઠન માટે કામ કરશે.આ સાથે ૩૮ સીટીંગ ધારાસભ્યની ટિકિટ કાપી નાંખવામાં આવી છે. ભાજપમાં ઈક્કબેકસીના લીધે આ ધારાસભ્યની ટિકિટ કાપી નાંખવામાં આવી છે. રાજેન્દ્ર ત્રિવેદી શશીકાંત પંડ્યા, મધુ શ્રીવાસ્તવ સહિત અનેક મોટા માથાઓને ટિકિટ આપી નથી,વેજલપુરથી કિશોર ચૌહાણની પણ ટિકિટ કપાઈ ગઈ છે. આ ઉપરાંત કોંગ્રેસમાંથી ૨૦૧૭માં



ચૂંટણી લડનીર રાજીનામું આપીને ભાજપમાં સામેલ થયેલા આ નેતાઓને ટિકિટ ફાળવી છે. તેમાં કુંવરજી બાવળિયા-જસદણ વિધાનસભા બેઠક,જે.વી કાકડિયા-ધારી વિધાનસભા બેઠક,જવાહર ચાવડા- માણાવદર વિધાનસભા બેઠક,અક્ષય પટેલ-કરજણ વિધાનસભા બેઠક,અશ્વિન કોટવાલ-ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક,જીતુ ચૌધરી-કપરડા વિધાનસભા બેઠક, હર્ષદ રીબડિયા-વિસાવદર વિધાનસભા બેઠક,ભગવાનભાઈ બારડ–તાલાળા વિધાનસભા બેઠક, મોહનભાઈ રાઠવાની જગ્યા એ રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવાને–છોટા ઉદેપુર બેઠક પરથી ટિકિટ આપવામાં આવી

પ્રથમ તબક્કામાં થનાર મતદાનની બેઠકોના ઉમેદવારોનું લીસ્ટ જોઈએ તો ૧.ઘાટલોડીયા–ભુપેન્દ્ર પટેલ, ૨. અબડાસા–પ્રદ્યુમન સિંહ જાડેજા, ૩.માંડવી–અનિરુધ્ધ દવે, ૪.ભુજ–કેશુભાઈ પટેલ, ૫.અંજાર–ત્રિકમભાઈ છાંગા, ૬.ગાંધીધામ–માલતીબેન મહેશ્વરી, ૭.રાપર–વિરેન્દ્રસિંહ જાડેજા, ૮.દસાડા–પરસોતમભાઈ પરમાર, ૯.લીંબડી–કીરીટસિંહ રાણા, ૧૦.વઢવાણ–જીજ્ઞાબેન પંડયા, ૧૧.ચોટીલા–શામજીભાઈ ચૌહાણ, ૧૨.ધાંગ્રધા–પ્રકાશભાઈ વરમોળા, ૧૩.મોરબી–કાંતિલાલ અમૃતિયા, ૧૪.ટંકારા–દુર્લભજી ભાઈ દેથરીયા, ૧૫.વાંકાનેર–જીતેન્દ્રભાઈ સોમાણી, ૧૬.રાજકોટ (પૂર્વ)–ઉદય કાનગડ, ૧૭.રાજકોટ (પશ્ચિમ)–ડો.શ્રીમતી દર્શિતા શાહ, ૧૮.રાજકોટ (દક્ષિણ)–રમેશ ટીલાળા, ૧૯.રાજકોટ (ગ્રામ્ય)–શ્રીમતી ભાનુબેન બાબરીયા, ૨૦.જસદણ–કુંવરજીભાઈ બાવળીયા, ૨૧. ગોંડલ–ગીતાબા જાડેજા, ૨૨.જેતપુર–જયેશભાઈ રાદડીયા, ૨૩.કાલાવાડ–મેઘજીભાઈ ચાવડા, ૨૪.જામનગર ગ્રામીણ–રાઘવજી પટેલ, ૨૫.જામનગર ઉત્તર–રીવાબા જાડેજા, ૨૬.જામનગર દક્ષિણ–દિવ્યેશ અકબરી, ૨૭. જામજોધપુર–ચીમનભાઈ સાપરીયા, ૨૮. દ્વારકા–પબુભા માણેક, ૨૯. પોરબંદર–બાબુભાઈ બોખરીયા, ૩૦.માણાવદર –જવાહર ચાવડા, ૩૧.જુનાગઢ–સંજય કોરડીયા, ૩૨.વિસાવદર–હર્ષદ રીબડીયા, ૩૩.કેશોદ–દેવાભાઈ માલમ, ૩૪.માગરોળ–ભગવાનજી ભાઈ કરગઠીયા, ૩૫.સોમનાથ–માનસિંહ પરમાર, ૩૬.તાલાલા–ભગવાનભાઈ બારડ, ૩૭.કોડીનાર–ડો. પ્રદ્યુમન વાજા, ૩૮.ઉના–કાલુભાઈ રાઠોડ, ૩૯.ધારી–જયસુખ કાકડીયા, ૪૦.અમરેલી–કૌશિક વેકરીયા, ૪૧.લાઠી–જનકભાઈ તલાવીયા, ૪૨.સાવરકુંડલા–મહેશ કસવાલા, ૪૩.રાજુલા–હીરાભાઈ સોલંકી, ૪૪.મહુવા–શિવાભાઈ ગોહિલ, ૪૫.તલાજા–ગૌતમભાઈ ચૌહાણ, ૪૬.ગારીયાધાર-કેશુભાઈ નાકરાણી, ૪૭.પાલીતાણા–ભીખાભાઈ બારૈયા ૪૮.ભાવનગર (ગ્રામ્ય)–પુરુષોતમ સોલંકી, ૪૯.ભાવનગર પશ્ચિમ–જીતુભાઈ વાઘાણી, ૫૦.ગઢડા–શંભુપ્રસાદ ટુંડીયા, ૫૧.બોટાદ–ઘનશ્યામ વીરાણી, ૫૨.નાંદોદ–ડો.દર્શનાબેન વસાવા, ૫૩.જંબુસર–દેવકિશોરદાસજી સાધુ, ૫૪.વાગરા–અરુણસિંહ રાણા, ૫૫.ઝઘડીયા–રીતેશ વસાવા, ૫૬.ભરુચ–રમેશ મિસ્ત્રી, ૫૭.અંકલેશ્વર–ઈશ્વરસિંહ પટેલ, ૫૮.ઓલપાડ–મુકેશ પટેલ, ૫૯.માંગરોળ-ગણપતભાઈ વસાવા, ૬૦.માંડવી–કુવરજી હળપતિ, ૬૧.કામરેજ-પ્રફુલભાઈ પાનસેરીયા, ૬૨.સુરત (પુર્વ)–અરવિંદ રાણા, ૬૩.સુરત (ઉત્તર)-કાંતિભાઈ બલ્લર, ૬૪.વરાછા રોડ–કિશોર કાનાણી, ૬૫.કારંજ–પ્રવિણ ઘોઘારી, ૬૬.લીંબાયત–સંગીતા પાટીલ, ૬૭.ઉધના–મનુભાઈ પટેલ, ૬૮.મજુરા–હર્ષ સંઘવી, ૬૯.કતારગામ–વિનોદ મોરડીયા, ૭૦.સુરત (પશ્ચિમ)–પુર્ણેશ મોદી, ૭૧.બારડોલી–ઈશ્વરભાઈ પરમાર, ૭૨.મહુવા–મોહનભાઈ ઢોડીયા, ૭૩.વ્યારા–મોહનભાઈ કોકણી, ૭૪.નિઝર–જયરામભાઈ ગામીત, ૭૫.ડાંગ–વિજયભાઈ પટેલ, ૭૬.જલાલપુર–રમેશભાઈ પટેલ, ૭૭.નવસારી–રાકેશ દેસાઈ, ૭૮.ગણદેવી–નરેશભાઈ પટેલ, ૭૯.વાસદા–પિયુષ પટેલ, ૮૦.ધર્મપુર–અરવિંદ પટેલ, ૮૧.વલસાડ–ભરત પટેલ, ૮૨.પારડી–કનુભાઈ દેસાઈ, ૮૩.કપરાડા–જીતુભાઈ ચૌધરી, ૮૪.ઉમરગામ–રમણભાઈ પાટકરનો સમાવેશ થાય છે.

## સરકારના મંત્રીઓ સહિત ભાજપે ૪૦ ધારાસભ્યોના પત્તા કાપ્યા, ૬૯ ધારાસભ્યોને રિપિટ કરાયા


ગુજરાત ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. ભાજપે ૧૬૦ બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને જેમાં ૬૯ ધારાસભ્યોને રિપિટ કરાયા છે જ્યારે ૩૮ ધારાસભ્યોના પત્તા કપાયા છે. જેમાં ૧૪ મહિલાઓને ટિકિટ આપવામાં આવી છે. આશ્ચર્યની વાત એ છે કે ભાજપે વડોદરાના દબંગ નેતા મધુ શ્રીવાસ્તવ અને કોંગ્રેસના આયાતીઓમાંથી હકુભાનું પત્તું કપાયું છે. પરંતુ કોંગ્રેસ છોડીને યુવા પાટીદાર નેતા હાર્દિક પટેલને નોટરી લાગી છે. હાર્દિક પટેલને વિરમગામમાંથી ટિકિટ આપી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે કયા નેતાઓનો પત્તા કાપ્યા છે તે જોઈએ તો વેજલપુર કિશોર ચોહાણ કપાયા,એલિસબ્રીજ રાકેશ શાહ કપાયા, નરોડા બલરામ થવાની કપાયા,ઠક્કરબાપા નગર વલ્લભ કાકડીયા કપાયા, અમરાઈવાડી જગદીશ પટેલ કપાયા,મણીનગર સુરેશ પટેલ કપાયા,સાબરમતી અરવિંદ પટેલ કપાયા,અસારવા પ્રદીપ પરમાર કપાયા,હકુભા જાડેજાની ટિકિટ કપાઈ, મધુ શ્રીવાસ્તવની ટિકિટ કપાઈ, આરસી મકવાણાની ટિકિટ કપાઈ, સૌરભ પટેલની ટિકિટ કપાઈ,હિતુ કનોડિયાની ટિકિટ કપાઈ,આ સિનિયર નેતાઓ પણ કપાયા,બ્રિજેશ મેરજા, આર સી ફળદુ, વાસણ આહિર, વિજય રૂપાણી, નીતિન પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, મધુશ્રી વાસ્તવ, હિતુ કનોડિયા, વલ્લભ કાકડિયા, લાખાભાઈ સાગઠીયા, હકુભા જાડેજા, ગોવિંદ પટેલ, અરવિંદ પટેલ, સુરેશ પટેલ, કિશોર ચૌહાણ, અરવિંદ રૈયાણી, જગદીશ પટેલ, રાકેશ શાહ સમાવેશ થાય છે. ભાજપે ૪૦ ધારાસભ્યોનું પત્તુ કાપ્યું છે તેમાં ૧.માંડવી, વિરેન્દ્રસિંહ જાડેજા, ૨.ભુજ, ડૉ. નીમાબેન આચાર્ય (વિધાનસભા અધ્યક્ષ), ૩.અંજાર, વાસણ આહીર, (પૂર્વ મંત્રી), ૪.રાપર, સંતોકબેન અરેઠિયા, ૫.ડીસા, શશિકાંત પંડ્યા, ૬.ઊંઝા, આશાબેન પટેલ (મૃત્યુ), ૭.મહેસાણા, નીતિન પટેલ, ૮.ઈડર, હિતુ કનોડિયા, ૯.વેજલપુર, કિશોર ચૌહાણ , ૧૦.એલીસબ્રિજ, રાકેશ શાહ, ૧૧.નારણપુરા, કૌશિક પટેલ (પૂર્વ મંત્રી), ૧૨.નરોડા, બલરામ થવાણી, ૧૩.ઠક્કરબાપા નગર, વલ્લભ કાકડિયા (પૂર્વ મંત્રી), ૧૪.અમરાઈવાડી, જગદીશ પટેલ, ૧૫.મણીનગર, સુરેશ પટેલ, ૧૬.સાબરમતી, અરવિંદ પટેલ, ૧૭. અસારવા, પ્રદીપ પરમાર (પૂર્વ મંત્રી),૧૮.ધોળકા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (પૂર્વ મંત્રી) (સ્વૈચ્છિક ઈનકાર), ૧૯.વઢવાણ, ધનજી પટેલ (ઉદ્યોગપતિ), ૨૦.ધ્રાંગધ્રા,પરશોત્તમ સાબરિયા, ૨૧.મોરબી, બ્રિજેશ મેરજા, (પૂર્વ મંત્રી), ૨૨.રાજકોટ પૂર્વ અરવિંદ રૈયાણી (પૂર્વ મંત્રી), ૨૩.રાજકોટ પશ્ચિમ વિજય રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી) (સ્વૈચ્છિક ઈનકાર), ૨૪.રાજકોટ દક્ષિણ ગોવિંદ પટેલ, ૨૫.રાજકોટ ગ્રામ્ય, લાખાભાઈ સાગરઠિયા, ૨૬.જામનગર ઉત્તર, ધર્મેન્દ્રસિંહ જાડેજા (પૂર્વ મંત્રી), ૨૭.જામનગર દક્ષિણ આર.સી. ફળદુ (પૂર્વ મંત્રી, પૂર્વ પ્રદેશ પ્રમુખ), ૨૮.મહુવા રાઘવજી મકવાણા, ૨૯.ગઢડા આત્મારામ પરમાર, ૩૦.બોટાદ સૌરભ પટેલ (પૂર્વ મંત્રી), ૩૧.Iતર કેસરીસિંહ સોલંકી,૩૨. કાલોલ સુમનબેન ચૌહાણ ૩૩.વાઘોડિયા મધુ શ્રીવાસ્તવ, ૩૪. અકોટા સીમાબેન મોહિલે, ૩૫.રાવપુરા રાજેન્દ્ર ત્રિવેદી (પૂર્વ મંત્રી, પૂર્વ વિધાનસભા અધ્યક્ષ), ૩૬.ભરૂચ દુષ્યંત પટેલ, ૩૭. કામરેજ બી.ડી ઝાલાવાડિયા, ૩૮. સુરત ઉત્તર કાંતિભાઈ પટેલ, ૩૯.ઉધના વિવેક પટેલ (પૂર્વ ચેરમેન, ગુજરાત હાઉસિંગ બોર્ડ), ૪૦. નવસારી પિયુષ દેસાઈ સામેલ છે.

## હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટેનો ચુંટણી પ્રચાર સમાપ્ત : ૧૨ નવેમ્બરે મતદાન

શિમલા,

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીના મતદાનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આજે સાંજે ૫:૦૦ કલાકે ચૂંટણી પ્રચાર બંધ થઈ ગયો છે. હવે રાજકીય પક્ષોના નેતાઓ ચુંટણી રેલી,રોડ શો કરી શકશે નહીં આ ઉપરાંત ભાજપ, કોંગ્રેસ, આપ સહિત તમામ પક્ષોની બહારના સ્ટાર પ્રચારકોએ તેમના સ્ટેશન છોડવા પડશે. હિમાચલમાં સાંજે ૫:૦૦ વાગ્યા પછી સાયલન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. હવેથી ચૂંટણી પ્રચાર સંબંધિત પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ચૂંટણીમાં ઊભેલા કોઈપણ ઉમેદવાર ટેલિવિઝન કે ડિજિટલ મીડિયા પર ઈન્ટરવ્યુ આપી શકશે નહીં. ચૂંટણી વિભાગે આ અંગે જરૂરી માર્ગદર્શિકા બહાર પાડી છે.



વિભાગે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને આ આદેશોનું ચુસ્તપણે પાલન કરવા જણાવ્યું છે.

હિમાચલ પ્રદેશના ચુંટણી પ્રચારના અંતિમ સમયમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી જે તેમણે રાજય અને કેન્દ્ર સરકારના કામની પ્રશંસા કરી મતદારોને ડબલ એન્જીનની સરકારને મત આપવા માટે આહ્વાન કર્યું હતું.જયારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાની પણ આજે હિમાચલમાં ૩ રેલી કરી હતી જેમાં સૌથી પહેલા તેઓ ફતેહપુરમાં ચૂંટણી જનસભાને સંબોધિત કરી હતી ત્યારબાદ ઘુમરવિન અને ઝંડુતા વિધાનસભા ક્ષેત્રમાં ચૂંટણી રેલી કરીને બિલાસપુર પરત ફર્યા હતાં પ્રચારના અંતિમ દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કાંગડાના સુલ અને પાંચટાસાહિબમાં રેલીઓ કરી હતી બીજી તરફ આજે પ્રચારના અંતિમ દિવસે કોંગ્રેસે તમામ ૬૮ વિધાનસભા ક્ષેત્રમાં આશીર્વાદ રેલી યોજી હતી જેમાં કોંગ્રેસના તમામ ઉમેદવારોએ પહેલા મંદિરમાં જઈને ભગવાનના આશીર્વાદ લીધા અને ત્યારબાદ તેઓએ પોતાની તાકાત બતાવી હતી અને હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસ સત્તા પરિવર્તન માટે જોર જોરથી પ્રચાર કરશે. 'બૂથ જીતો હિમાચલ જીતો'ની શાનદાર સફળતા બાદ પાર્ટી વધુ એક ઐતિહાસિક જનસંપર્ક રેલી યોજવા જઈ રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધી શિમલામાં રોડ શોમાં ભાગ લીધો હતો અને ઘરે-ઘરે પ્રચાર કર્યો હતો.

હિમાચલ પ્રદેશના ૭૮૮૧ મતદાન કેન્દ્રો ઉપર ૧૨ નવેમ્બરે મતદાન થશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મનિષ ગર્ગે કહ્યું કે, પોલિંગ પાર્ટીઓ દૂર સુધીના મતદાન કેન્દ્રો માટે આજે અને નજીકના કેન્દ્રો માટે આજે રવાના થશે. ચૂંટણીપ્રચાર શાંત પડ્યા બાદ પાડોશી રાજ્યો સાથે જોડાયેલી હિમાચલની સીમાઓ સીલ કરી દેવામાં આવી છે જિલ્લા હેડક્વાર્ટરો અને શહેરો સાથે જોડાયેલા ક્ષેત્રોમાં કેન્દ્રીય સુરક્ષાદળ અને હિમાચલ પોલીસના ૩૫,૦૦૦ જવાનો ખૂણે ખૂણે તૈનાત રહેશે. હિમાચલમાં દારૂ, રોકડ અને ડ્ર્ગ્સની ઘૂસણખોરી ન થઈ જાય તે માટે પોલીસે સઘન પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે તો દરેક પોલિંગ પાર્ટી સાથષ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનો તૈનાત રહેશે. જનજાતીય જિલ્લા લહોલ-સ્પીતિમાં બરફવર્ષાનો તબક્કો શરૂ થઈ ગયો છે. રહેણાક વિસ્તારોમાં અટકી અટકીને બરફવર્ષા થઈ રહી છે. બરફવર્ષા વધુ પડી તો ૧૨ નવેમ્બરે વિધાનસભા ચૂંટણી માટે મતદાન કરાવવું અધિકારીઓ અને કર્મચારીઓ માટે પડકારજનક હોઈ શકે છે. ખાસ કરીને સ્પીતિ ઘાટીમાં હવામાન મુશ્કેલી પેદા કરી શકે છે.

ઓપિનિયન પોલ પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે. કોઈપણ વ્યક્તિ ચૂંટણીના ૪૮ કલાક પહેલા એટલે કે આજ સાંજથી કોઈપણ પ્રકારનો ઓપિનિયન પોલ આપી શકશે નહીં. જો કોઈ પણ જગ્યાએ સોશિયલ મીડિયા પર પોતાનો અભિપ્રાય આપતો જોવા મળશે, તો તેને આચારસંહિતાનો ભંગ ગણવામાં આવશે.

## ભૂકંપના વધુ એક આંચકાથી લોકો ભયભીત, ૨૪ કલાકમાં બીજી વખત ધ્રૂજી ધરતી

નવીદિલ્હી,

ભારતના આંદામાન અને નિકોબાર દ્વિપમાં મોડી રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી લગભગ ૧૦ કિમી નીચે હતું. મોડી રાત્રે લગભગ ૨.૨૯ મિનિટે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૩ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આ માહિતી જાહેર કરવામાં આવી છે. જો કે આ ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. તમને જણાવી દઈએ કે આના એક દિવસ પહેલા જ ભારતમાં હિમાલયના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

આ પહેલા ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ખાસ કરીને હિમાલયના વિસ્તારોમાં આ આંચકા અનુભવાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ કેન્દ્ર પાડોશી દેશ નેપાળમાં હતું. આ ભૂકંપના કારણે નેપાળમાં ઓછામાં ઓછા ૬ લોકોના મોત થયા છે. અનેક ઈમારતો અને સામાજિક સ્થળોએ ઈન્ફ્રાને નુકસાન થયાના અહેવાલો પણ મળ્યા છે. જો કે, ભારતમાં આ ભૂકંપને કારણે હાલ કોઈ નુકસાનની માહિતી નથી.

આ પહેલા ઉત્તરાખંડમાં થોડા કલાકોના ગાળામાં ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. જેના કારણે લોકો ભયના માર્યા ઘરની બહાર નીકળી ગયા હતા. મંગળવારે મોડી રાત્રે ૧.૫૭ મિનિટે આવેલા ભૂકંપના જોરદાર આંચકાને કારણે લોકો અચાનક ગાઢ નિંદ્રામાંથી જાગી ગયા હતા અને અનિચ્છનીય બનાવના ભયે ઘરોની બહાર દોડી આવ્યા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા ૬.૩ હતી, તેનું કેન્દ્ર નેપાળમાં હતું. લોકો હજુ આ આંચકામાંથી બહાર આવી શક્યા ન હતા કે ત્યારે બીજા દિવસે સવારે ૬.૨૭ કલાકે ફરી એકવાર ભૂકંપના આંચકાથી લોકો ધ્રૂજી ઉઠ્યા હતા. સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, આ વખતે ભૂકંપનું કેન્દ્ર ભારત-નેપાળ સરહદ પર ઉત્તરાખંડમાં પિથોરાગઢ હતું, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૩ માપવામાં આવી હતી. હાલમાં ભૂકંપના કારણે રાજ્યમાં કોઈ જાનહાની કે જાનમાલના નુકસાનના અહેવાલ નથી.

## ભારતના સૌથી શક્તિશાળી રૉકેટ માટે ક્રાયોજેનિક એન્જિનનુ સફળ પરીક્ષણ

નવીદિલ્હી,

આજે ભારતે વર્ષો પછી અવકાશ મિશન માટે મોટી ઉપલબ્ધિ હાંસલ કરી છે. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસારો)એ સ્વદેશી રીતે વિકસિત ક્રાયોજેનિક એન્જિનનુ સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે જે તેના સૌથી ભારે રોકેટ **LVM-3**ને તાકાત આપશે.

ઈસરોના જણાવ્યા મુજબ ટીઈએસએ એલવીએમ૩ની પેલોડ ક્ષમતા વધારીને ૪૫૦ કેજી કરી છે. બધુ સારુ રહ્યુ, લૉન્ચ વ્હીકલ માર્ક-૩એ ૨૧.૮ ટનના અનરેટેડ થ્રસ્ટ સ્તરે પ્રથમ વખત ગરમ પરીક્ષણમાંથી પસાર થયુ.ઈસી ૨૦ ક્રાયોજેનિક એન્જિનના પરીક્ષણ અંગે,ઈસરોએ જણાવ્યુ હતુ કે સીઈ ૨૦ ક્રાયોજેનિક એન્જિન, જેનુ બુધવારે સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ તેમાં થ્રસ્ટ કંટ્રોલ વાલ્વ સાથેના અગાઉના એન્જિનોની સરખામણીમાં મોટા ફેરફારો થયા છે. જેથી સિસ્ટમ થ્રસ્ટ કંટ્રોલ શરૂ કરી શકાય. આ ઉપરાંત ૩ડી પ્રિન્ટેડ એલઓએક્સ અને એલએચ-૨ ટર્બાઈન એક્ઝોસ્ટ કેસીંગને એન્જિનમાં પ્રથમ વખત સામેલ કરવામાં આવ્યા છે એમ ઈસરોએ જણાવ્યુ હતુ.

ઈસરોએ જણાવ્યુ હતુ કે ભીષણ આગ પાછળનો ઉદેશ એ ચકાસવાનો હતો કે શું એન્જિન વધારાના પ્રોપેલન્ટ લોડિંગ સાથે ૪૫૦ કિગ્રા સુધીની પેલોડ ક્ષમતાને સપોર્ટ કરી શકે છે. ઈસરોએ રોકેટ છોડ્યા પછી જણાવ્યુ હતુ. 'આ વધારાના પ્રોપેલન્ટ લોડિંગ સાથે ન્ફસ્૩ પેલોડ ક્ષમતાને ૪૫૦ કિલો સુધી વધારશે.' ભારતીય વૈજ્ઞાનિકોએ લેટેસ્ટ ક્રાયોજેનિક એન્જિનના પરીક્ષણ સાથે ફરી એકવાર પોતાને વધુ સારી સાબિત કરી છે. હાલમાં જ ભારતીય અવકાશ એજન્સીએ ઓનવેબ અને ઈનસ્પેસ વચ્ચેના કરારના ભાગરૂપે પૃથ્વીની ભ્રમણકક્ષામાં ૩૬ ઉપગ્રહોને તૈનાત કરવાના મિશન પર ન્ફસ્-૩ લૉન્ચ કર્યુ હતુ. વનવેબે તેના સેટેલાઇટ ગ્રુપના લૉન્ચિંગ માટે રૂ. ૧૦૦૦ કરોડથી વધુના સોદા પર હસ્તાક્ષર કર્યા હતા. આ સિવાય અન્ય જીએસએલવી લૉન્ચ માટે પણ કરાર કરવામાં આવ્યો છે. વનવેબનો નવો સેટેલાઈટ જાન્યુઆરી ૨૦૨૩માં લોન્ચ થવાની ધારણા છે. ભારતીય અવકાશ એજન્સીએ તાજેતરમાં એક મિશન પર એલવીએમ ૩ લૉન્ચ કર્યુ છે.

## ફ્રાન્સથી છેલ્લું રાફેલ યુદ્ધવિમાન ૧૫ ડિસે. સુધીમાં ભારતમાં આવી જશે

નવીદિલ્હી,

ફ્રાન્સનું છેલ્લું રાફેલ યુદ્ધવિમાન ટૂંક સમયમાં ભારતને મળી જશે. ભારતને અત્યાર સુધીમાં ફ્રાન્સ પાસેથી ૩૫ રાફેલ ફાઈટર જેટ મળ્યા છે. ૨૦૧૬માં ભારત અને ફ્રાન્સ વચ્ચે ૩૬ રાફેલ એરક્રાફ્ટ માટે રૂ.૬૦,૦૦૦ કરોડથી વધુની ડીલ કરવામાં આવી હતી. હવે ભારતને તેનું ૩૬મું અને છેલ્લું ફાઈટર જેટ ૧૫ ડિસેમ્બર સુધીમાં ફ્રાન્સ પાસેથી મળી જશે.


વરિષ્ઠ સંરક્ષણ અધિકારીએ કહ્યું હતું કે એરક્રાફ્ટને ભારતીય પરિસ્થિતિઓને અનુરૂપ બનાવવામાં આવ્યું છે. ભારતે ૩૬ એરક્રાફ્ટ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા અને તેમાંથી ૩૫ આવી ચૂક્યા છે. ભારતમાં આવેલા કેટલાક રાફેલ એરક્રાફ્ટ અંબાલા (હરિયાણા) અને હાશિમારા (પશ્ચિમ બંગાળ)માં તૈનાત કરવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આરબી ટેલ નંબર સાથેનું ૩૬મું



યુદ્ધવિમાન ફ્રાન્સ દ્વારા ભારતને સોંપવામાં આવશે. રાફેલ ૪.૫ જનરેશનનું એરક્રાફ્ટ છે. રાફેલે ભારતને અદ્યતન રડાર અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરી છે. આ સિવાય લાંબા અંતરની એર-ટુ-એર અને એર-ટુ-સરફેસ મિસાઈલ સાથેના રાફેલે ભારતને આકાશમાં પોતાની સર્વોચ્ચતા હાંસલ કરવામાં મદદ કરી છે. ફ્રેન્ચ ફર્મ દસો એવિએશન પણ એરક્રાફ્ટની જાળવણીમાં સામેલ છે જે ૭૫ ટકાથી વધુ સર્વિસ ક્ષમતા ધરાવે છે. ચીન સાથે સંભવિત યુદ્ધની સ્થિતિમાં રાફેલને ઝડપથી ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું અને દેશમાં તેના આગમનના એક સપ્તાહની અંદર લદાખમાં તેનું સંચાલન શરૂ થયું હતું.

## જ્ઞાનવાપી કાશી વિશ્વનાથ કેસની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ કાલે બેંચની રચના કરશે



વારાણસી,

જ્ઞાનવાપી કાશી વિશ્વનાથ કેસની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ શુક્રવારે બેંચની રચના કરશે. ગુરુવારે હિંદુત્વ સંગઠન તરફથી હાજર રહેલા એડવોકેટ વિષ્ણુ શંકર જૈને આ મામલે તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી. આ પછી ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે શુક્રવારે આ મામલે સુનાવણી કરવાનું કહ્યું છે. સુપ્રીમ કોર્ટ બપોરે ૩ વાગ્યે બેંચની રચના કરશે

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કેટલાક હિંદુ શ્રદ્ધાળુઓ તરફથી વકીલ વિષ્ણુ શંકર જૈનની રજૂઆતોની નોંધ લીધી હતી અને કહ્યું હતું કે રક્ષણ આપવાનો આદેશ ૧૨ નવેમ્બરે સમાપ્ત થાય છે. ચીફ જસ્ટિસે કહ્યું કે અમે આવતીકાલે બપોરે ૩ વાગ્યે બેન્ચની રચના કરીશું

સુપ્રીમ કોર્ટે ૧૭ મેના રોજ વારાણસીમાં જ્ઞાનવાપી કેમ્પસની અંદરના વિસ્તારની સુરક્ષાનો નિર્દેશ આપતો વચગાળાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસને ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

આ પછી, ૨૦ મેના રોજ, સુપ્રીમ કોર્ટે મામલો વારાણસી જિલ્લા કોર્ટમાં ટ્રાન્સફર કર્યો. નોંધ્યું છે કે એક વરિષ્ઠ અને અનુભવી ન્યાયિક અધિકારીએ સામેલ મુદ્દાઓની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને આ બાબત સાથે વ્યવહાર કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ નિર્દેશ આપ્યો કે જિલ્લા અદાલતે ઓર્ડર ૭ નિયમ ૧૧ સીપીસી હેઠળ મસ્જિદ કમિટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓને પ્રાથમિકતાના ધોરણે સાંભળવી જોઈએ.

## દિવાળી વેકેશન બાદ રાજ્યભરની શાળાઓ ફરી એકવાર શરૂ

અમદાવાદ,

૨૧ દિવસની દિવાળી રજાઓ બાદ રાજયભરની શાળાઓમાં બીજું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે. રાજયની પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં દિવાળી વેકેશન પૂર્ણ થતા આજથી બાળકોનો કલરવ શાળાઓમાં ગૂંજી ઉઠયો હતો. પ્રથમ શૈક્ષણિક સત્રમાં ૧૦૪ દિવસનાં અભ્યાસ બાદ ૨૧ દિવસનું દિવાળી વેકેશન પડ્યું હતું.

રાજયભરના અંદાજે ૧ કરોડ કરતાં વધુ વિદ્યાર્થીઓ બીજા શૈક્ષણિક સત્રના અભ્યાસ માટે શાળાએ પહોંચ્યા હતાં.વિદ્યાર્થીઓને શિક્ષકોએ આવકાર્યા હતાં અનો શિક્ષકો અનો વિદ્યાર્થીઓએ એક બીજાનો નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી બીજા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓએ ૧૩૭ દિવસનો શાળાકીય અભ્યાસ કરવાનો રહેશે. ૧૪ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૩ બોર્ડની પરીક્ષા શરૂ થશે. શાળાકીય વાર્ષિક પરીક્ષાઓ ૧૦ મી એપ્રિલથી લેવાશે. બીજા શૈક્ષણિક સત્ર બાદ ૧ મેથી ૪ જૂન સુધી ઉનાળુ વેકેશન રહેશે. આગામી ૫ જૂન ૨૦૨૩થી આગામી વર્ષનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે. આ સાથે જ કોલેજોમાં ગઈકાલથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## કેન્દ્રીય ચૂંટણી ખર્ચ નિરિક્ષક ઓમ પ્રકાશે ચુંટણી ખર્ચ સાથે સંકળાયેલી વિવિધ ટીમો સાથે બેઠકમાં માર્ગદર્શન આપ્યું

મહીસાગર,

ભારતના ચૂંટણીપંચ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના જાહેર થયેલા કાર્યક્રમ અન્વયે મહીસાગર જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા મતવિસ્તારની તા.૫મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ચૂંટણી યોજાનાર છે. જે સંદર્ભે ભારતના ચૂંટણીપંચ દ્વારા નિમાયેલા કેન્દ્રીય ચૂંટણી ખર્ચ નિરીક્ષક ઓમ પ્રકાશે મહીસાગર કલેક્ટર કચેરી સભાખંડ ખાતે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં ચૂંટણી ખર્ચ સાથે સંકળાયેલી વિવિધ ટીમોના અધિકારીઓ-કર્મચારીઓ સાથે બેઠક યોજી આ ટીમોએ કરવાની થતી કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું. તેની સાથોસાથ ઓમ પ્રકાશે પ્રત્યેક ટીમના વડાઓ સાથે સીધો





સંવાદ કરી ચૂંટણીલક્ષી બજાવેલી વિવિધ ફરજો અને જવાબદારીઓની પણ તેમની પાસેથી જાણકારી મેળવી હતી.

કેન્દ્રીય ખર્ચ નિરિક્ષક ઓમ પ્રકાશે મહીસાગર જિલ્લામાં યોજાનારી વિધાનસભા મત વિસ્તારની બેઠકોની ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે જોવાનો ખાસ અનુરોધ કરી પ્રત્યેક ટીમોને સોંપાયેલી ફરજો અને જવાબદારીઓ કાળજીપૂર્વક નિભાવવા અને જે તે ટીમે તેમની કામગીરીમાં ઝીણવટભરી બાબતોને પણ ધ્યાનમાં લેવાની સાથો-સાથ ચૂંટણી ખર્ચ બાબતે સંકળાયેલી તમામ ટીમોએ એકબીજા સાથે સુસંકલન જળવાઈ રહે તે જોવાની પણ તેમણે ખાસ હિમાયત કરી હતી.

કેન્દ્રીય ચૂંટણી ખર્ચ નિરિક્ષક ઓમ પ્રકાશે ચૂંટણી ખર્ચ સાથે સંકળાયેલી ઉક્ત તમામ ટીમોને ઉમેદવાર દીઠ નિયત કરાયેલી ખર્ચ મર્યાદા સહિતની જાણકારી સાથે ચૂંટણીલક્ષી ખર્ચ આદર્શ આચારસંહિતા તથા મુક્ત અને ન્યાયી ચુંટણીની બાબતને ખાસ લક્ષમાં લઈ પ્રત્યેક ટીમને તેમની ફરજો ચીવટ પૂર્વક અદા કરવા જણાવ્યું અને પ્રત્યેક ટીમોએ પોતે જે-તે દિવસે કરેલી કામગીરીનો નિયત સમયસુચીમાં ઉપલી કક્ષાએ વાકેફ કરવા જણાવ્યું હતું.

મહિસાગર જિલ્લા પ્રજાજનો, રાજકિય પક્ષો, ઉમેદવારો, તેમના સમર્થકો વગેરેને ચૂંટણી ખર્ચ સંબંધિત કોઈ પણ ફરિયાદ કે સમસ્યા સંદર્ભે ખર્ચ નિરીક્ષક ઓબ્ઝર્વર ઓમ પ્રકાશે મો.૯૫૧૦૬૭૯૫૫૪ પર સંપર્ક કરવા જણાવ્યું.

## મહિસાગરની ત્રણ વિધાનસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર જાહેર કરાયા


લુણાવાડા,

મહિસાગર જીલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો માટે ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવતાં કહી ખુશી કહી ગમ જેવી સ્થિતી જોવા મળી.

મહિસાગર જીલ્લાની લુણાવાડા, બાલાસીનોર, સંતરામપુર એમ ત્રણ બેઠકો માટે બીજેપી દ્વારા સેન્સ લેવામાં આવ્યા. જેમાં અનેક દાવેદારો ત્રણ બેઠકો માટે દાવેદારી કરી હતી. મહિસાગર જીલ્લાની ત્રણ બેઠકો



માટે બીજેપી પાર્લામેન્ટ્રી કમીટી દ્વારા અનેક મંથન કર્યા બાદ લુણાવાડ બેઠક માટે જીજ્ઞેશ સેવક,



બાલાસીનોર બેઠક ઉપર માનસિંહ ચૌહાણ, સંતરામપુર બેઠક માટે ડૉ. કુબેરભાઈ ડીંડોરને ઉમેદવાર



જાહેર કરવામાં આવતાં સમર્થક અને બીજેપીમાં આનંદ જોવા મળ્યો.

## સંતરામપુર હોસ્પિટલોમાં દવા તેમજ ડાયાબીટીસ ચેકિંગ મશીન જેવી સેવાઓ ન મળતા દર્દીઓને હાલાકી

સંતરામપુર,

સંતરામપુર સહિત આંતરિયાળ ટ્રાઈબલ વિસ્તારના ગરીબ દર્દીને પૈસા ખર્ચ ન કરવા પડે તે માટે સરકારી દવાખાનામાં આવતા હોય છે. પરંતુ સરકારી દવાખાનામાં પણ મોટી ખામીઓ જોવા મળી રહી છે. છેલ્લા બે મહિનાથી હોસ્પિટલમાં ડાયાબીટીસના દર્દીઓને ચેકઅપ કરવા માટેનુ મશીન ન હોવાના કારણે દર્દીઓને બજારમાં રૂ.૪૦ થી ૫૦ ખર્ચ કરીને ડાયાબીટીસ ચેક્અપ કરાવવુ પડતુ હોય છે. જેના કારણે ગરીબ દર્દીઓને હાલાકી પડી રહી છે. આ અંગે સ્ટેટ હોસ્પિટલ ઈન્ચાર્જ સુપ્રિ.જણાવ્યુ હતુ કે, ડાયાબીટીસનુ મશીન છે પરંતુ તેની ચેકઅપ કરવાની સ્ટિકઅપ ખલાસ થઈ ગઈ છે ટુંક સમયમાં આવી જશે. જયારે બીજી બાજુ હોસ્પિટલમાં તપાસ બાદ ડોકટર દર્દીઓને દવા તો લખી આપે છે પરંતુ હોસ્પિટલમાં દવાઓનો સ્ટોક ન હોવાથી ગરીબ દર્દીઓને બજારમાંથી વેચાતી દવા લાવી પડતી હોય છે. મોંઘવારીના સમયમાં બહારથી મોંઘી દવા લાવવાનુ ન પોસાતા બિમાર દર્દી પુરતી સારવાર પણ કરાવી શકતા નથી.

## બીજા તબક્કાની ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ, જાહેરનામું પ્રસિદ્ધ થયું

ગાંધીનગર,

ગુજરાતમાં બીજા તબક્કાની ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આજથી પ્રારંભ થયો છે. ત્યારે અમદાવાદમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવાઈ છે. ઉમેદવારો યોગ્ય રીતે ફોર્મ ભરી ચૂંટણી અધિકારી અને મદદનીશ અધિકારીને જમા કરાવી શકશે. કલેક્ટર કચેરી ખાતે અસારવા, એલિસબ્રિજ, નરોડા, જમાલપુર ખાડીયા અને ઠક્કરબાપા નગરના ઉમેદવારો ફોર્મ ભરી શકશે. જો સમગ્ર પ્રક્રિયા જોઈએ તો આજે ૧૦ નવેમ્બરે ફોર્મ ભરવા માટે જાહેરનામું પ્રસિદ્ધ થયું છે જયારે ૧૭ નવેમ્બર ફોર્મ ભરવાનો અંતિમ દિવસ રહેશે. જયારે કે ૧૮ નવેમ્બરે ફોર્મની ચકાસણી થશે અને ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ ૨૧ નવેમ્બર છે. મહત્વનું છે કે, બીજા તબક્કાની કુલ ૯૩ બેઠકો માટે ૫ નવેમ્બરના રોજ મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

વિધાનસભાની ચૂંટણીને લઈ આંતરરાજયની સરહદ ધરાવતા જિલ્લાઓમાં પોલીસ એલર્ટ મોડ પર છે. મહિસાગર જિલ્લાને સ્પર્શતી રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર સીલ કરવામાં આવી છે અને ચેકપોસ્ટ ઉભી કરીને આંતરરાજ્ય રાજ્યમાંથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ચેકપોસ્ટ પર જીલ્લા પોલીસ દ્વારા સીએફએસઆઈની અલગ અલગ ટિમો બનાવી ચેકિંગ શરૂ કરવામાં આવ્યુ છે.

## મહિસાગરની ત્રણેય બેઠકો ખાતે ઉમેદવારી પત્રકો ભરવા અંગેનુ જાહેરનામું

મહિસાગર,

ગુજરાત વિધાનસભા ચુંટણી ૨૦૨૨ અનવ્યે મહિસાગર જિલ્લાની ત્રણ બેઠકો પૈકીની કોઈ પણ બેઠક માટે ઉમેદવારી કરનાર વ્યક્તિ ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર પૈકી કોઈ એક વ્યકિત સાથે લાગુ પડતા વિધાનસભા ક્ષેત્રના મામલતદાર અથવા પ્રાંત અધિકારીની કચેરીએ અધિકારીને મોડામાં મોડુ તા.૧૭/૧૧/ ૨૦૨૨ (ગુરૂવાર) સુધીમાં કોઈપણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધીમાં નામાંકન પત્ર પહોંચાડી શકશે.

નામાંકન ફોર્મ ઉપર દર્શાવેલ સ્થળે અને સમયે મળી શકશે. નામાંકન પત્રોની ચકાસણી જે તે વિધાનસભા ક્ષેત્રના ચૂંટણી અધિકારી તા.૧૮/૧૧/૨૦૨૨ (શુક્રવાર) ના રોજ સવારના ૧૧ વાગ્યે હાથ ધરશે. ઉમેદવાર કે તેના નામની દરખાસ્ત મૂકનાર પૈકીની કોઈ એક વ્યકિત કે તેના ચૂંટણી એજન્ટ પૈકી જેઓને આ નોટીસ પહોંચતી કરવા ઉમેદવારે લિખિતરૂપે અધિકૃત કર્યા હોય તેઓ ઉમેદવારી પાછી ખેંચવા અંગેની નોટીસ ઉપર દર્શાવેલ અધિકારીઓમાંથી ગમે તે એક અધિકારીને તેમની કચેરીમાં તા.૨૧/૧૧/૨૦૨૨ (સોમવાર) ના રોજ બપોરના ૩ વાગ્યા પહેલાં પહોંચાડી શકશે.

મુખ્યમંત્રી બનતે બનતે રહે ગયે!

## નીતિન પટેલ ૩ વાર મુખ્યમંત્રી બનતા બનતા રહી ગયા હતા, રાજકીય સફળ પુરી થઈ

ગાંધીનગર,

ગુજરાતમાં હાલ ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ગઈકાલે ભાજપ કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં ગુજરાતના ઉમેદવારના ફાઈનલ નામ પર મહોર લાગી છે, આ બેઠક પહેલા જ અનેક વરિષ્ઠ અને દિગ્ગજ નેતાઓએ ટિકિટની દાવેદારી પાછી ખેંચી લીધી હતી. હવે તેઓ વિધાનસભાની ચૂંટણી લડશે નહીં. ભાજપના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની રાજકિય સફર પણ અહી પુરી થતા જોવા મળી રહી છે.



નીતિન પટેલની રાજકીય કારકિર્દી પર નજર કરીએ તો તેમની કારકિર્દી ૪ દશકા લાંબી છે. જોકે આ દરમિયાન તેઓ ૩ વાર મુખ્યમંત્રી બનતા બનતા રહી ગયા હતા.નોંધનીય છે કે ભાજપના વરિષ્ઠ અને દિગ્ગજ નેતા નીતિન પટેલ આ વિધાનસભાની ચૂંટણી લડવા નથી,નીતિન પટેલની કારકિર્દી શાનદાર શરૂ થઈ હતી. જોકે ૨૦૦૨માં તેઓ ચૂંટણી હારી ગયા હતા પરંતુ ૨૦૦૭માં કડી બેઠક પરથી જ ફરીથી તેઓ કડી બેઠક પર જીત્યા હતા. આ કમબેક પછી તેમને પાછળ વળીને ક્યારેય જોયું નથી. ઉલ્લેખનીય છે કે આનંદી બહેન પટેલ જ્યારે મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમની સાથે નીતિન પટેલનું નામ પણ જોરશોરથી ચર્ચાઈ રહ્યું હતું. જોકે આ દરમિયાન આનંદી બેન પટેલને તક મળી હતી. કેટલાક કારણોસર જ્યારે આનંદી બેન પટેલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું ત્યારે ફરી એકવાર એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે હવે નીતિન પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બની શકે છે.પરતું એવું બની શક્યું નહીં. ગુજરાતના નવા મુખ્યમંત્રી નીતિન પટેલ છે અને અમે તેની તૈયારી કરી રહ્યાં હતા. જો કે અમિત શાહની પસંદ વિજય રૂપાણી રહ્યાં હતા પરંતુ નીતિન પટેલની નારાજગીના કારણે છેવટે તેમને નાયબ મુખ્યમંત્રીનું પદ આપવામાં આવ્યું હતું. વિજય રૂપાણીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા બાદ નવા મુખ્યમંત્રીના નામ પર ગુજરાતમાં ચર્ચાઓ શરૂ થઈ હતી,આ રેસમાં પણ નીતિન પટેલ અગ્રેસર દાવેદારી હતી પણ છેલ્લી ઘડીએ ભૂપેન્દ્ર પટેલની મુખ્યમંત્રી તરીકે ઘોષણા કરવામાં આવી હતી. નીતિન પટેલ ૩ વાર મુખ્યમંત્રી બનતા બનાત રહી ગયા હતા. નોંધનીય છે કે ૨૨ જૂન ૧૯૫૬માં નીતિન પટેલનો જન્મ વીસનગર ખાતે થયો હતો. તેમના દાદાને તેલ અને કાપડનો વેપાર હતો. આ દરમિયાન તેઓ કૌટુંબિક વેપારમાં પણ આગળ વધી શક્યા હોત પરંતુ નીતિન પટેલે યુવાનાવસ્થાથી જ રાજકારણમાં રસ દાખવ્યો હતો. તેમણે રાજકીય કારકિર્દી આગળ વધારવા માટે બી.કોમ.નો અભ્યાસ અધૂરો છોડીને રાજકારણમાં જંપલાવ્યું હતું.

## દિલ્હી લિકર પોલિસી કેસમાં EDનો સપાટો, બે ફાર્મા કંપનીઓના વડાની ધરપકડ

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ નવી દિલ્હી એકસાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આજે વહેલી સવારે બે લોકોની ધરપકડ કરી છે. ઈડીએ હૈદરાબાદ સ્થિત ઓરોબિંદો ફાર્મા લિમિટેડના ડિરેક્ટર શરદ રેડ્ડી અને પરનોદ રિકાર્ડ નામની દારૂની કંપનીના અધિકારી વિનય બાબુની ધરપકડ કરી છે. આ ધરપકડો સાથે, દિલ્હી એકસાઈઝ પોલિસી સંબંધિત કેસમાં અત્યાર સુધીમાં કુલ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા પાંચ પૈકી ઈડી દ્વારા ત્રણ અને સીબીઆઈ દ્વારા બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. તાજેતરમાં જ સીબીઆઈએ સમીર મહંદ્રુ અને અભિષેક બોઈન્નાપિલ્લાઈની ધરપકડ કરીને જેલમાં મોકલી દીધા હતા. જ્યારે આ કેસમાં આરોપી દિનેશ અરોરાએ કોર્ટમાં અરજી દાખલ કરીને સરકારી સાક્ષી બનવાની અપીલ કરી છે. સપ્ટેમ્બરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે નવી એકસાઈઝ પોલિસીમાં કથિત કૌભાંડના સંદર્ભમાં દિલ્હી સહિત લગભગ ૩૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. ઈડીના દરોડા અંગે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું હતું કે, પહેલા સીબીઆઈના દરોડા પાડવામાં આવ્યા હતા, કંઈ મળ્યું નથી. હવે ઈડીના દરોડામાં પણ કંઈ બહાર નહીં આવે. દેશમાં શિક્ષણનો જે માહોલ છે, અરવિંદ કેજરીવાલજી જે કામ કરી રહ્યા છે તેને રોકવાનું કામ થઈ રહ્યું છે, પરંતુ તેઓ તેને રોકી શકશે નહીં.

## ધરણા-પ્રદર્શન નાગરિક-સમાજ માટે એક હથિયાર જેવા : સુપ્રીમ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે એક ચુકાદામાં મહત્વની ટિપ્પણી કરી હતી કે વિરોધ પ્રદર્શન એ નાગરિક કે સમાજ માટે એક હથિયાર જેવુ છે. આ કેસમાં વિરોધ પ્રદર્શન કરવા પર કેરળ પોલીસે પોલીસ અધિનિયમ અંતર્ગત ધરપકડના કેસમાં ગ્રામ પંચાયતના કાઉન્સીલની ધરપકડ કરતા સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ટિપ્પણી કરતા કહ્યું હતુ કે પોલીસ અધિનિયમ અંગ્રેજોના, વસાહતી યુગના કેટલાક ઉતરાધિકારી કાયદા હતા, જેનો ઉદેશ સ્વદેશી લોકોની લોક તાંત્રિક આકાંક્ષાઓને ખતમ કરવાનો હતો.

સુપ્રીમે વધુમાં જણાવ્યું હતુ કે વિરોધ પ્રદર્શન નાગરિક-સમાજના હાથમાં એક સાધન છે, જેવી રીતે હડતાલ કામદારોનું હથિયાર છે. સુપ્રીમ કોર્ટે રવિ નંબુથિટી દ્વારા દાખલ એક અપીલ પર સુનાવણી કરતા આ ટિપ્પણી કરી હતી, જેણે કેરલ હાઈકોર્ટના ફેસલાને પડકાર્યો હતો.

કેરળ હાઈકોર્ટે નવેમ્બર ૨૦૧૫માં ગ્રામ પંચાયતમાં કાઉન્સીલર તરીકે ચૂંટણી રદ કરવાના એક નીચલી અદાલતના ફેસલાને યથાવત રાખ્યો હતો. કાઉન્સીલર પદ માટે તેની ચૂંટણી એ આધારે રદ કરાઈ હતી કે તેણે પોતાના નામાંકનમાં એક આપરાધિક મામલામાં તેની સંડોવણીને છુપાવી હતી, અને આમ કરીને તેણે ભ્રષ્ટ આચરણ કર્યું હતું. ન્યાયમૂર્તિ એસ.અબ્દુલ નઝીર અને ન્યાયમૂર્તિ વી.રામ સુબ્રમણ્યમની પીઠે જણાવ્યું હતું કે કેરળ પોલીસ અધિનિયમ વસાહત યુગ (અંગ્રેજોના સમયનો)ના કેટલાક પોલીસ અધિનિયમોનો ઉતરાધિકારી કાયદો હતો. જેનો ઉદેશ સ્વદેશી લોકોની લોકતાંત્રિક આકાંક્ષાઓને ખતમ કરવાનો હતો.

ઉલ્લેખનીય છે કે એક પોલીસ ફરિયાદ અનુસાર ૨૦ સપ્ટેમ્બર ૨૦૦૬ના નંબુથરી અને અન્યએ એક ગેરકાનુની સભાનું આયોજન કર્યું હતું અને અન્નામનદા ગ્રામ પંચાયતના કાર્યાલય પરિસરમાં ગુનાઈત રીતે અતિક્રમણ કરી ધરણા કરવા એક અસ્થાયી શેડ લગાવ્યો હતો. આ મામલે કાઉન્સીલ સામે કેસ દાખલ થયો હતો. જેમાં સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ટિપ્પણી કરી કહ્યું હતું કે ધરણા-દેખાવો નાગરિક-સમાજ માટે હથિયાર જેવા છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

મિથુન : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

કન્યા : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે.

તુલા : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

ધનુ : આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો.

ધનુ : આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો.

મકર : આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે.

કુંભ : આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે. જીવનસાથીનો સહયોગ પુરતી માત્રામાં મળશે.

મીન : આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

## નીરવ મોદીને ભારત લાવવો નહીં રહે સરળ, ભાગેડુ વેપારી પાસે હજુ પણ અનેક વિકલ્પ છે

નવીદિલ્હી,

ભાગેડુ હીરાના વેપારી નીરવ મોદીને ભારત લાવવો એટલું સરળ નથી. માત્ર લંડન હાઈકોર્ટના નિર્ણયથી તેને ભારત લાવવાનો રસ્તો સાફ થયો નથી. એટલા માટે કે ભાગેડુ વેપારી ચોક્કસપણે પ્રત્યાર્પણની એક પગલું નજીક આવી ગયો છે. નીરવ મોદીએ વેસ્ટમિન્સ્ટર કોર્ટના નિર્ણયને લંડન હાઈકોર્ટમાં પડકાર્યો હતો. તેમની અરજી પર આ વર્ષની શરૂઆતમાં હાઈકોર્ટ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી, જેણે હવે ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે વેસ્ટમિન્સ્ટર કોર્ટના



નિર્ણયને માન્ય રાખ્યો હતો, જ્યાં તેના પ્રત્યાર્પણને સમર્થન આપવામાં આવ્યું હતું. આમ છતાં નીરવ મોદી પાસે બચવાના ઘણા રસ્તા છે.

ગુજરાતના હીરા વેપારી નીરવ મોદી ૧૧ હજાર કરોડથી વધુની પંજાબ નેશનલ બેંક ફ્રોડ કેસમાં આરોપી છે. તેને ભારત દ્વારા ભાગેડુ જાહેર કરવામાં આવ્યો છે અને તે ઘણા વર્ષોથી બ્રિટનમાં છે. જ્યાં સુધી ત્યાંની કોર્ટ પોતાનો આદેશ જાહેર ન કરે ત્યાં સુધી તેને બ્રિટનમાંથી પ્રત્યાર્પણ કરી શકાશે નહીં. હાઈકોર્ટનો નિર્ણય પણ આ કડીનો એક ભાગ છે. ભારતની જેમ બ્રિટનમાં પણ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાય છે અને નીરવ મોદી માટે આ રસ્તો હજુ પણ ખુલ્લો છે.

નીરવ મોદી સુપ્રીમ કોર્ટમાં ત્યારે જ અપીલ કરી શકે છે જો હાઈકોર્ટ તેને સંમત ન કરે. જો હાઈકોર્ટ માને છે કે નીરવ મોદીનો કેસ સામાન્ય જાહેર મહત્વના કાયદાના કોઈપણ મુદ્દા પર છે તો તે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવા માટે મુક્ત રહેશે. આ પછી નીરવ મોદી પાસે બ્રિટિશ સુપ્રીમ કોર્ટમાં જવા માટે ૧૪ દિવસનો સમય રહેશે. જો ભાગેડુ બિઝનેસમેનની યુકેની અન્ય કોર્ટમાં અપીલ બંધ થઈ જાય તો પણ તેની પાસે અન્ય ઉપાય બાકી રહેશે.

જો નીરવ મોદીને બ્રિટિશ સુપ્રીમ કોર્ટમાં જવાનો રસ્તો બંધ કરવામાં આવે છે અથવા જો સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટના નિર્ણયને યોગ્ય માને છે તો તે યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સમાં નિયમ-૩૯ હેઠળ અપીલ કરી શકે છે. નિયમ ૩૯ હેઠળ કોઈપણ વચગાળાનો આદેશ પસાર કરી શકાય છે. જો કે આ નિયમો ત્યારે જ લાગુ થશે જ્યારે ખૂબ જ ઓછા સમયમાં મોટું નુકસાન થવાની સંભાવના હોય. સરળ શબ્દોમાં કહીએ તો આ નિયમ હેઠળ કોઈપણ આદેશ ત્યારે જ પસાર કરવામાં આવે છે, જ્યારે કોઈ વ્યક્તિના જીવને જોખમ હોય અથવા અમાનવીય વર્તનની આશંકા હોય.

હાઈકોર્ટના નિર્ણય સામેની અપીલને લઈને નીરવ મોદીના વકીલ તરફથી કોઈ નિવેદન બહાર આવ્યું નથી. હવે ખાસ વાત એ છે કે નીરવ મોદી કોર્ટમાં ભારતની જેલોનો ઉલ્લેખ કરી રહ્યો છે કે જો તેને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવે તો તે ભારતની જેલમાં આત્મહત્યા પણ કરી શકે છે. નીરવ મોદીના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે ભારતીય જેલોની હાલત ખૂબ જ ખરાબ છે અને આવી સ્થિતિમાં તે ડિપ્રેશનનો શિકાર બની શકે છે અને આત્મહત્યા કરી શકે છે. નીરવની આ દલીલને નકારતા હાઈકોર્ટે તેની અપીલ ફગાવી દીધી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ વિધાનસભાની ચાર બેઠકો પર બીજેપીએ રિપીટ થિયરી અપનાવી ઉમેદવારો જાહેર કર્યા : બે બેઠકોની જાહેરાત પેન્ડિંગ






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**- કોંગ્રેસી ધારાસભ્ય ભાવેશ કટારાની ભાજપમાં ઘર વાપસી : ઝાલોદ વિધાનસભા બેઠક પર બીજેપી ઉમેદવાર બનાવે તેવી અટકળો.**

**- ચાર વિધાનસભા બેઠક પર વર્તમાન ધારાસભ્યોને ટિકિટ કપાશે તેવી અટકળોની વચ્ચે બીજેપીની જાહેરાતે સૌ ને ચોકાવ્યા.**

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાવવાની છે. જેના અનુસંધાને ચૂંટણીપંચ દ્વારા જાહેરનામું બહાર પાડી ઉમેદવારોને ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. જોકે, આજરોજ બીજેપીએ ૧૬૦ જેટલાં ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૬ વિધાનસભા બેઠક પૈકી ચાર વિધાનસભા બેઠકો પર ઉમેદવાર જાહેર કરી દીધા છે. વિધાનસભા બેઠકોના ઉમેદવારોની જાહેરાત હાલ પેન્ડિંગ રાખવામાં આવી છે. બીજેપીએ ગત ટર્મની રિપીટ થીયરી અપનાવી દાહોદ માંથી કનૈયાલાલ કિશોરી, ફતેપુરા માંથી રમેશભાઈ કટારા, દેવગઢ બારીયા માંથી પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડ તેમજ લીમખેડા વિધાનસભા બેઠક પર સાંસદ જસવંતસીંગ ભાભોરના ભાઈ શૈલેષભાઈ ભાભોરને ટિકિટ ફાળવવામાં આવી છે. અત્રે ઉલ્લેખ છેકે, બીજેપી દ્વારાનો રીપીટ થિયરી, સગા સંબંધીઓને ટિકિટ નહીં તેમજ યુવાઓને તક આપવા માટે ગાઈડ લાઈન બનાવી હતી અને દાહોદ જિલ્લાની ૬ વિધાનસભા બેઠકો પરથી બીજેપી તરફી ૮૪ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. જેના મોવડી મંડળ પણ અસમજસ મુકાઈ ગયો હતો. જોકે, બીજેપી એ આ વખતે ગાઈડલાઈન કરતા સીટ જીતી શકે તેવા સક્ષમ ઉમેદવારને ધ્યાનમાં રાખી ઉમેદવારોને ટિકિટ ફાળવવામાં આવી છે. જોકે, ગરબાડા તેમજ ઝાલોદ વિધાનસભા બેઠક પર દાવેદાર વધુ હોવાથી તેમજ અસંતુષ્ટના વિરોધને ખાળવા તેમજ ડેમેજ કંટ્રોલ કરવા આ બે બેઠક પર ઉમેદવારોની જાહેરાત બીજેપીએ પેન્ડિંગ રાખી છે. આ તમામ બાબતોની વચ્ચે ઝાલોદ વિધાનસભા બેઠકના વર્તમાન કોંગ્રેસી ધારાસભ્ય ભાવેશ કટારાએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપી આજે બીજેપીમાં પુનઃવાપસી કરી છે. ત્યારે બીજેપીએ ઝાલોદ ગરબાડાના ઉમેદવારોના નામની ઘોષણા હાલ પેન્ટિંગ રાખી છે. ત્યારે ઝાલોદ વિધાનસભા બેઠક પર કદાચ ભાવેશ કટારાને બીજેપી દાવેદાર તરીકે ઉતારવાની અટકળો વહેતી થઈ છે. ત્યારે આગામી સમયમાં આ બંને બેઠકો પર શું સમીકરણો રચાય છે. તેમજ ચૂંટણી દરમિયાન દાહોદ જિલ્લાની છ વિધાનસભા બેઠકો પર કેવો રસપ્રદ જંગ જામે છે.તે હાલ જોવું રહ્યું.

## ઝાલોદના કોંગ્રેસ ધારાસભ્ય ભાવેશ કટારા સ્વૈચ્છિક રાજીનામું આપ્યું



દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ નજીક આવી રહી છે, તેમ કોંગ્રેસમાં ભંગાણ પડી રહ્યું છે. એક પછી એક કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ કોંગ્રેસ છોડીને ભારતીય જનતા પાર્ટીના કેસરિયા ધારણ કરી રહ્યા છે. ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી તરફથી ભાવેશ કટારાની ટિકિટના મળતા તો રાતે-રાત કોંગ્રેસમાં ભારતીય જનતા પાર્ટી સાથે છેડો ફાડી કોંગ્રેસમાં જતા રહ્યા હતા અને ૧૫ થી ૨૦ હજારની લીડ થી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર મહેશભાઈ ભુરીયાને હાર અપાવી હતી. ત્યારબાદ તેઓએ જિલ્લા પંચાયત નગર પાલિકા અને તાલુકા પંચાયતની તે વિધાનસભાની તમામ સીટો પર કોંગ્રેસનો વિજય મેળવ્યો હતો. છેલ્લા કેટલાય સમયથી તેઓની ચર્ચાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ તેવી ચાલી રહી છે, પરંતુ કોંગ્રેસમાં તેઓને ટિકિટ આપવાની વાત કરી તો તેઓ સ્પષ્ટ કોંગ્રેસના જગદીશ ઠાકોરને ના પાડી દીધી હતી. તેઓ જગદીશ ઠાકોરને જણાવ્યું હતું કે, ઝાલોદ નજીક પંચમુખી મહામંડલેશ્વર મંદિરનું કામ ચાલે છે. જ્યાં સુધી તેની પ્રાણ પ્રતિષ્ઠા નહીં થાય ત્યાં સુધી હું ધારાસભ્યની ચૂંટણી લડીશ નહી અને લોકસેવા કરતો રહીશ જેથી ઝાલોદમાં કોંગ્રેસ દ્વારા મિતેશભાઈ ગરાસીયાને ટિકિટ આપવામાં આવી છે અને તેઓ ભારતીય જનતા પાર્ટીમાં પાર્લમેન્ટ્રી બોર્ડમાં પણ ઝાલોદનો મુદ્દો પેન્ડિંગ થયા હોવાની અંગત સૂત્રમાં જાણકારી મળી છે. ભારતીય જનતા પાર્ટીમાં બાબુ કટારા પૂર્વ સાંસદ તથા ભાવેશ કટારા કોંગ્રેસ ધારાસભ્ય તેમના સમર્થકો સાથે જોડાવાની પૂરેપૂરી ખાતરી અંગત સૂત્રો માંથી મળતી માહિતી મુજબ નકારી શકાય તેમ નથી, પરંતુ કોઈ પણ શરત વિના ભારતીય જનતા પાર્ટી માંથી પોતે ઉમેદવાર તરીકે ચૂંટણી નહીં લડે તેવું તેઓ તેઓની અંગત સૂત્રમાંથી માહિતી મળેલ છે. એક તરફ મોટા દિગ્ગજ નેતાઓ પોતાના પુત્ર પોતાના સગા વહાલાને ટિકિટ આપવા માટે ચૂંટણી મેદાનને લડાવવા માટે ભારતીય જનતા પાર્ટીનો કેસરિયો ધારણ કરે છે, પરંતુ આ કોંગ્રેસ માંથી રાજીનામું આપી અને ભારતીય જનતા પાર્ટીના માત્ર કાર્યકર્તા તરીકે રહેવાની તૈયારી સાથે ચૂંટણીના લડવાની ફરતે ભારતીય જનતા પાર્ટીમાં કેસરિયો ધારણ કરવાની પૂરેપૂરી શક્યતાઓ છે.

## દે.બારીયાની સીટ ઉપર આખરે બચુભાઈ ખાબડ બાજી મારી ગયા તેઓ નકકી જ હતા

દે.બારીયા,

૧૪મી નવેમ્બરને માંડ ચાર દિવસ બાકી છે. ત્યારે ભાજપે ૧૮૨ માંથી ૧૬૦ ઉમેદવારોની ઘોષણા કરી દીધી છે. તેમાં અને પ્રથમ તબક્કાની યાદી ઘોષણા કરી દીધી છે. તેમાં દે.બારીયાની સીક્યોર સીટમાં ગણના થાય છે. તેના ધરખમ ઉમેદવાર બચુભાઈ ખાબડનું નામ જાહેર થતાંની સાથે તમામ કાર્યકરોમાં ખુશીની લાગણી સાથે હાશકારો અનુભવાયો છે. આમ, તો દે.બારીયા વિધાનસભાના લોકલાડીલા ઉમેદવાર બે ટર્મથી ચુંટાય છે. હવે તેઓ ત્રીજીવાર બાજી મારી જાય તો નવાઈ નહિ તેઓ જમીન સાથે જોડાયેલા ઉમેદવાર છે.

મળતા સુત્રો મુજબ છેલ્લા પંદર દિવસ થી ઘણી ચર્ચાઓએ વેગ મળ્યો હતો કે, આ વખતે બચુભાઈ ખાબડને ભાજપ માંથી ઉમેદવારી નહિ મળે અમુક તત્વોના દ્વારા વિડીયો વાયરલ પણ કરાયો હતો. તેમની શાખને ધુંધળી કરવાનો પ્રયાસ હતો. આખરે બચુભાઈ તેમની આગવી કાર્યશૈલીએથી દરેક નાના માણસના માટે સહાનુભુતી નિભાવી છે. “રામ રાખે તેને કોણ ચાખે ” આ ઉખાણું અહીંયા સાર્થક થયું છે. દે.બારીયા ભાજપના સંગઠનોમાં બચુભાઈનું પત્તુ કપાય તેવી રાહ જોવાતી હતી. તેઓ આમા સફળ થયા નથી. ૬૯ ધારાસભ્યો રીપીટ થયા. ૧૬૦ની ઘોષણા માંથી ૩૮ નવા ચહેરા ભાજપે અજમાવ્યા છે. પાંચ ઉમેદવારોની ઘોષણા હજુ બાકી છે. પહેલા તબકકા માંથી શું ? આ બેઠકોની ઉમેદવારીમાં અંતરકુલેહ તો નથી ને. મંત્રીઓ રીપીટર કુબેરભાઈ ડીંડોર તથા નિમિષાબેન સુથાર છે. નવા ઘોષિત મહિલા ઉમેદવારોમાં રીવાબા જાડેજા ૧૬૦ માંથી ૧૩ એસ.સી., ૨૪ એસ.ટી. સાથે ડોકટર્સ સાથે પી.એચ.ડી. પણ થયેલ ઉમેદવાર સામેલ છે. જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ એલીસબ્રીજની સીટ ઉપર થી ટીકીપ આપવામાં આવી છે. જ્યારે આ લખાય છે. ત્યારે મળતા આધારભુત સૂત્રો મુજબ ભાવનગરની મહુવા બેઠક માંથી શીવાજી ગોહિલનું પત્તું કપાતા ૩૦૦ થી વધુ ભાજપના કાર્યકરો પોતાના સભ્યપદે થી રાજીનામા ધરી દીધા છે. ડબલ એન્જીનની સરકાર કેટલી બુલેટ ટ્રેનની સ્પીડે દોડશે ? કે પછી એન્ટી ઈન્કમટેકસનો ગ્રહણ નડતરરૂપ થશે. તે તો આવનારો સમય બતાવશે. જેમાં કોના તરફી ઉંટ બેસે છે. આ વખતે ભાજપ કોંગ્રેસની સામે એક મોકો કેજરીવાલના સૂત્રને અપનાવશે તો ત્રિ-કોણીયો જંગ બની જવા પામશે. તો નવાઈ નહિ. ગુજરાતની વિધાનસભાની ચુંટણીમાં કેજરીવાલ એન્ડ કંપનીએ પણ એડી ચોટીનો જોર લગાવ્યો છે. તેમાં બેમત નથી.

## દે.બારીયાના માંડવા ગામે બે વાહનો માંથી રૂ.૨૫ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના માંડવ ગામે ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક બોલેરો ફોર વ્હીલર ગાડી તથા એક મેક્ષ ફોર વ્હીલર ગાડી એમ બે વાહનોમાંથી કુલ રૂા.૬,૨૫,૧૫૨ના વિદેશી દારૂના જથ્થા સાથે બંન્ને ગાડીઓ મળી કુલ રૂા. ૧૧,૭૫,૧૫૨નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાંનું જ્યારે પોલીસને ચકમો આપી બંન્ને ગાડીઓમાં સવાર ત્રણ જેટલા ઈસમો નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૯મી નવેમ્બરના રોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે માંડવ ગામે ચોકડી ખાતે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક બોલેરો ફોર વ્હીલર ગાડી તથા એક મેક્ષ ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી હતી. જ્યારે પોલીસને દુરથી જોઈ ગાડીમાં સવાર કલસીંગભાઈ સુરસીંગભાઈ બારીયા (કોળી) (રહે. માંડવ, તા.દેવગઢ બારીઆ, જિ.દાહોદ), મહીન્દ્ર મેક્ષ ફોર વ્હીલર ગાડીનો ચાલક અને બોલેરો ફોર વ્હીલર ગાડીનો ચાલક એમ ત્રણેય જણા પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે બંન્ને ફોર વ્હીલર ગાડીનો કબજો લઈ બંન્ને ગાડીઓની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૬૧૬૮ કિંમત રૂા.૬,૨૫,૧૫૨ના વિદેશી દારૂના જથ્થા સાથે બંન્ને ફોર વ્હીલર ગાડીઓની કિંમત મળી પોલીસે કુલ રૂા.૧૧,૭૫,૧૫૨નો મુદ્દામાલ કબજે કરી સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે આ સંબંધે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બીજેપી દ્વારા ઉમેદવારોની જાહેરાત સી.આર. પાટીલની ગાઈડ લાઈન કોરોણે મુકાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાની વિધાન સભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ દાહોદ જિલ્લાની કુલ ૬ વિધાનસભા માટે આજરોજ ૪ વિધાનસભાના ઉમેદવારોની જાહેર કરી દેવામાં આવી છે. લગભગ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના પગપેસારા બાદ ભારતીય જનતા પાર્ટી કોઈ રિશ્ક લેવા માંગતી ન હોય તે સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. બાકી પહેલા ચર્ચાઓ એવી હતી કે આ વખતે ઘણા જુના જોગીયોની ટીકીટ કપાઈ જશે, પરંતુ ભારતીય જનતા પાર્ટીએ આજરોજ જાહેર કરેલા ઉમેદવારોના નામો સૌ કોઈ માટે ચોંકાવનારા છે. ખાસ કરીને દાહોદ જિલ્લાની વિધાનસભાની વાત કરીએ તો દાહોદ વિધાન સભા માટે મજબુત દાવેદારો ગણાતા એવા કનૈયાલાલ કિશોરી, ફતેપુરા માટે દંડક એવા રમેશભાઈ કટારા, દેવગઢ બારીઆમાં બચુભાઈ ખાબડ અને લીમખેડામાં શૈલેષભાઈ ભાભોર જેઓ દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના ભાઈ છે તેઓને ટીકીટ આપવામાં આવી છે. ત્યારે બીજી તરફ સી.આર. પાટીલ દ્વારા અગાઉ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીમાં પરિવારવાદ કે સગાવાદને ટીકીટ આપવામાં આવશે નહીં પરંતુ તે તમામ નિયમો નેવે મુકી આ વખતની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટી કોઈ રિશ્ક લેવા માંગતી ન હોવાને કારણે લીમખેડામાં સાંસદ જશવંતસિંહ ભાભોરના ભાઈ શૈલેષભાઈ ભાભોરને ટીકીટ ફાળવી દેવાતાં લોકોમાં અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું હતું.

## કોટા મહાકાલી માતાજીના મંદિરે અન્નકુટ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી તાલુકામાં કોટા ગામના આવેલ મહાકાલી માતાજીના મંદિરે દર વર્ષેની જેમ દેવ દિવાળી નિમિત્તે અન્નકુટ અને મહાપ્રસાદ-ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષેની જેમ સંપૂર્ણ મંદિર રોશની થી ઝળહળી ઉઠ્યું હતું અને રંગબેરંગી ફૂલોના હારથી આખું મંદિર શણગારવામાં આવ્યું હતું અને માતાજીની મૂર્તિ જાણે અત્યંત મનમોહક જોવા મળતી હતી.અન્નકુટ પ્રસંગ નિમિતે ચોસઠ ભોગ માતાજીના ચરણોમાં ધરાવવામાં આવ્યા હતા. સંજેલી તાલુકાના આજુબાજુ ગામો માંથી તેમજ સંજેલી તાલુકાની જનતા મોટી સંખ્યામાં ભાઈઓ બહેનો યુવાનો અને માતાજીના ભાવિક ભક્તો અને ગામના વડીલો ઉપસ્થિત રહ્યા હતા અને માતાજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં આરતી ઉતારવામાં આવી હતી અને ડી.જે.ના તાલે ગરબા અને ભજન કીર્તન તેમજ સત્સંગ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો જેમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. તમામ લોકોએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવીને ધન્યતા અનુભવી હતી અને માતાજી હર મનોકામના પૂર્ણ કરે એવી નેક રાખી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન સંજેલીના માતાજીના પરમ ભક્ત આશારામ બચુમલ મોતીજાણી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને આ ધાર્મિક કાર્યક્રમમાં આનંદ ભેર ઉજવણી કરી હતી.

## ઝાલોદ નગરમાં ૫૫૩ માં પ્રકાશ વર્ષ નિમિત્તે ગુરૂનાનક જયંતીની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં તારીખ ૦૯-૧૧-૨૦૨૨ બુધવારના સાંજે ૬ વાગ્યા પછી પ્રેમકુમાર મેરવાનીના પરિવાર દ્વારા ગુરૂ નાનક જયંતીની ઉજવણી તેમના પોતાના નિવાસ સ્થાને કરવામાં આવી હતી. પ્રેમકુમાર મેરવાની દ્વારા તેમના માઁ-બાપના આશીર્વાદ તેમજ પરિવાર અને મિત્રોના સહયોગથી દર વર્ષે ગુરૂ નાનક જયંતીની ઉજવણી પોતાના નિવાસસ્થાને કરે છે. તેમાં તેમના પરિવાર દ્વારા સમાજ અને મિત્રોને પણ બોલાવવા આવે છે. તેમના નિવાસ સ્થાને દર વર્ષે તેઓ ભજન સંધ્યાનું અને મહાપ્રસાદનું આયોજન પણ કરે છે. આ વર્ષે પણ તેઓ પોતાના માઁ-બાપના આર્શીવાદ અને માર્ગદર્શન થી ગોધરાથી રમુ ભગત એન્ડ ગૃપને ભજન સંધ્યા માટે બોલાવવામાં આવેલ હતા. ભજન સંધ્યામાં સહુ કોઈ જોડાઈને ગુરૂ નાનકજી જયંતિના પર્વને સફળ બનાવ્યો હતો અને ભજન સંધ્યા તેમજ મહાપ્રસાદનો લાભ ભક્તો દ્વારા રાત્રે મોંડે સુધી લેવામાં આવેલ હતો.

## ગરબાડાના નઢેલાવ ગામે ઝગડાની અદાવતે ધીંગાણું મચાવી મારામારી કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે અગાઉના ઝઘડાની અદાવત રાખી બે ઈસમોએ એક મહિલા સહિત બે વ્યક્તિઓને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

નઢેલાવ ગામે બુરવા ફળિયામાં રહેતાં જવસીંગભાઈ બાબુભાઈ મિનામાના માતા પિતા દેવ દિવાળીનો તહેવાર હોય જવસીંગભાઈના મામાના ઘરે ગયાં હતાં ત્યારે ગત તા.૦૭મી નવેમ્બરના રોજ નઢેલાવ ગામે આમલી ફળિયામાં રહેતાં કનુભાઈ રૂમાલભાઈ ભાભોર અને કાજુભાઈ કનુભાઈ ભાભોરનાઓએ બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો અમારા ઘરે કેમ આવ્યાં નહીં અને બીજાના ઘરે કેમ બેઠા છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને હાથમાં લાવેલ લાકડી વડે રતુડીબેન તથા બાબુભાઈને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે જવસીંગભાઈ બાબુભાઈ મિનામાએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના પાટીયા ગામે ૧૬ વર્ષીય સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાટીયા ગામે પત્નિ તરીકે રાખવા સારૂં એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૪મી ઓક્ટોમ્બરના રોજ ગરબાડા તાલુકામાં રહેતાં એક ૧૬ વર્ષીય સગીરાને ગરબાડા તાલુકાના ભે ગામે હાંડીયા ફળિયામાં રહેતો નરેશભાઈ વરસીંગભાઈ ભુરીયાએ સગીરાને પત્નિ તરીકે રાખવા સારૂં સગીરાને પ્રેમના પાઠ ભણાવી, પટાવી ફોસલાવી, લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરાના પાટવેલ ગામે ચેક પોસ્ટ ઉપર બાઈક ઉપર લઈ જવાતા ૪૦ હજારના દારૂ સાથે ઈસમને ઝડપ્યો

ફતેપુરા,

ફતેપુરા પાટવેલ ગામે ચેક પોસ્ટ ઉપર ફતેપુરા પોલીસના ચેકીંગ દરમિયાન રાજસ્થાન તરફ બાઈક ઉપર લવાતો ૪૦,૩૦૦/-રૂપીયાના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ દાહોદ જીલ્લાના ફતેપુરાના પાટવેલ ગામે ચેક પોસ્ટ ઉપર ફતેપુરા પોલીસ વાહન ચેકીંગમાં હતા. દરમિયાન રાજસ્થાન તરફ થી એક ઈસમ બાઈક ઉપર કંતાન થેલા લઈ શંકાસ્પદ રીતે પસાર થતી બાઈકને ઝડપી પાડી હતી અને તપાસ દરમિયાન અલગ-અલગ બ્રાન્ડના ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૨૮૩ કિંમત ૪૦,૩૦૦/-રૂપીયા બાઈક મળી કુલ ૭૫,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે મોહનભાઈ ઉર્ફે માવાભાઈ ડીંડોર રહે. ચીખલી બ્રાંદ્રા, તા. આનંદપુરી, રાજસ્થાનને ઝડપી પાડવામાં આવ્યો.




દાહોદ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી મયુર પારેખના માર્ગદર્શન અને સૂચના અનુસાર આજ રોજ તા.૧૦/૧૧/૨૦૨૨ને ગુરૂવારના રોજ જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો દ્વારા મતદાર જાગૃતિ અંગેના સૂત્રો ગામના જાહેર સ્થળો પર ચોંટાડવામાં આવ્યા તથા લોકોને મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.68

# પંચમહાલની પાંચ વિધાનસભા પાંચ બેઠકો માટે ૪ ધારાસભ્યોને રીપીટ કરાયા : જયારે કાલોલ બેઠક માટે ઉમેદવાર બદલવામાં આવ્યા







ગોધરા,

પંચમહાલ જીલ્લામાં વિધાનસભા ચુંટણીની પાંચ બેઠકો માટે ભાજપ દ્વારા પોતાના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ચાર સીટીંગ ધારાસભ્યોને રીપીટ કરવામાં આવ્યા. જયારે કાલોલ બેઠક ઉપર સીટીંગ ધારાસભ્યની ટીકીટ કાપીને પૂર્વ ધારાસભ્યને ટીકીટ ફાળવવામાં આવી છે. પાંચ વિધાનસભા બેઠક માટે ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત કરતાં કહી ખુશી કહી ગમ જેવી સ્થિતિ જોવા મળી છે.

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે ભાજપ દ્વારા સેન્સ લેવામાં આવ્યા હતા. જેમાં ગોધરા બેઠક માટે ૨૯ દાવેદારો, મોરવા(હ) બેઠક માટે ૧૭ દાવેદારો, શહેરા બેઠક માટે ૧૨ દાવેદારો, હાલોલ બેઠક માટે ૧૯ દાવેદારો, કાલોલ બેઠક માટે સૌથી વધુ પર દાવેદારો મેદાનમાં હતા અને તમામ દાવેદારો પોતાને ટીકીટ મળશે તેવી આશાઓ રાખી રહ્યા હતા અને પોતાની રીતે તૈયારીઓ પણ શરૂ કરી હતી. ભાજપ પાલમિન્ટ્રી કમીટી દ્વારા પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટેના ઉમેદવારો માટે ભારે મંથન બાદ ગોધરા બેઠક માટે સીટીંગ ધારાસભ્ય સી.કે.રાઉલજી, હાલોલ બેઠક માટે સીટીંગ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, શહેરા બેઠક માટે જેઠાભાઈ ભરવાડ (આહિર), મોરવા(હ) બેઠક માટે ધારાસભ્ય નિમિષાબેન સુથારને રીપીટ કરવામાં આવ્યા છે. જયારે કાલોલ વિધાનસભા બેઠકના સુમનબેન ચૌહાણની ટીકીટ કાપીને પૂર્વ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણને ઉમેદવાર ભાજપ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. બીજી તરફ કોંગ્રેસ પાર્ટી દ્વારા પંચમહાલની પાંચ બેઠકો પૈકી માત્ર મોરવા(હ) બેઠક ઉપર ઉમેદવારની જાહેરાત કરવામાં આવી છે.

## પંચમહાલની પાંચ બેઠકો માટે ભાજપના ઉમેદવારો

૧. શહેરા-જેઠાભાઈ ભરવાડ (આહિર)
૨. ગોધરા-સી.કે.રાઉલજી
૩. હાલોલ-જયદ્રથસિંહ પરમાર
૪. મોરવા(હ)-નિમિષાબેન સુથાર
૫. કાલોલ-ફતેસિંહ ચૌહાણ

## હાલોલ બેઠક માટે જયદ્રથસિંહ પરમારને ઉમેદવાર જાહેર કરતાં નારાજ બીજેપી નેતાઓએ ઉમેદવાર બદલવાની માંગ કરી



હાલોલ,

હાલોલ વિધાનસભા બેઠક માટે ભાજપ દ્વારા સીટીંગ ધારાસભ્યનું નામ જાહેર કરતાં હાલોલ ભાજપના કેટલાક નેતાઓ વિરોધનો વંટોળ જોવા મળ્યો છે અને જીલ્લા બીજેપી પ્રમુખને પત્ર લખીને ઉમેદવાર બદલવા માંગ કરી છે.

હાલોલ વિધાનસભા બેઠક માટે સેન્સ પ્રક્રિયા દરમિયાન પ્રદેશના હોદ્દેદારોની હાજરીમાં ગોધરાના કમલમ્ ખાતે જ બે જુથો વચ્ચે બોલાચાલી થઈ હતી અને હાલોલ બેઠક માટે સીટીંગ ધારાસભ્યનો વિરોધ કરીને કેટલાક સીનીયર કાર્યકરો અને યુવા કાર્યકરો એ હાલોલ બેઠક માટે પોતાની દાવેદારી કરી હતી. આજરોજ ભાજપ દ્વારા હાલોલ વિધાનસભા બેઠક ઉપર સીટીંગ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારને રીપીટ કરીને ઉમેદવાર જાહેર કરવામાં આવતા જયદ્રથસિંહ પરમારના સમર્થકોમાં ખુશી જોવા મળી હતી. જયારે હાલોલ ભાજપની વિરોધી ટીમના કાર્યકરો-નેતાઓમાં વિરોધ સાથે નારાજગી જોવા મળી હતી. સીટીંગ ધારાસભ્યને ઉમેદવાર બનાવવાના વિરોધ સાથે જીલ્લા બીજેપી પ્રમુખને પત્ર લખીને ઉમેદવાર બદલવા માંગ કરી છે.

## પંચમહાલ જિલ્લામાં ખર્ચ ઓબ્ઝર્વરએ AEO/FST/SST ટીમની મુલકાત લઈ જરૂરી માર્ગદર્શન આપ્યું



ગોધરા,

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ને લઈને પંચમહાલ જિલ્લામાં ચૂંટણીલક્ષી વિવિધ તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આજરોજ ગોધરા કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી સુજલ મયાત્રાની ઉપસ્થિતિમાં ચૂંટણી ખર્ચ ઓબ્ઝર્વર આર.સી.ચેતન (IRS) અને અનુજ ગર્ગ (IRS) તથા પંચમહાલ જિલ્લામાં નિમણુંક પામેલ AEO/FST/SST ટીમની સાથે બેઠક યોજીને ચૂંટણીલક્ષી માર્ગદર્શન પૂરૂં પાડીને વિશેષ સૂચનાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તાએ પંચમહાલ જિલ્લાની ચૂંટણીલક્ષી તૈયારીઓની કામગીરી અંગે ઉપસ્થિતોને પ્રેઝન્ટેશનના રૂપે માહિતગાર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨ અનુસંધાને ચૂંટણી ખર્ચને નિયંત્રણમાં રાખવા અને ખર્ચ અંગે મોનિટરીંગ કરવા અંગે વિવિધ જોગવાઈઓ કરેલ છે.

આજની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયા, પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, અધિક જિલ્લા કલેક્ટર એમ.ડી. ચુડાસમા સહિત જિલ્લામાં નિમણુંક પામેલ વિવિધ નોડલ અધિકારીઓ અને AEO/FST/SST ટીમના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોરવા(હ)ના નાટાપુર ગામે મોટર રીવાઈન્ડીંગ દુકાન માંથી ૧.૧૭ લાખનો મુદ્દામાલની ચોરી

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે મોટર રીવાઈન્ડીંગની દુકાનનું તાળું તોડી દુકાન માંથી રીપેરીંગમાં આવેલ જુની મોટર નંગ-૨૫ કિંમત ૨૦,૦૦૦/-રૂપીયા, તાંબના વાયર નવા, જુના વાયરો, એ.ટી.એમ.કાર્ડ મળી ૧,૧૭,૦૦૦/-રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે દિલીપભાઈ ગોપાલભાઈ પટેલની મોટર રીવાઈન્ડીંગની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી હતી અને દુકાન માંથી રીપેરીંગમાં આવેલ જુની મોટર નંગ-૨૫ કિંમત ૨૦,૦૦૦/-રૂપીયા, તાંબાના નવા વાયરો-૧૨ બંડલ કિંમત ૬૦,૦૦૦/-રૂપીયા, તાંબના જુના વાયરો ૨૦,૦૦૦/-રૂપીયા, રોકડા ૧૦ હજાર, એ.ટી.એમ.કાર્ડ, વજન કાંટો, ડી.વી.આર. મળી કુલ ૧,૧૭,૦૦૦/-રૂપીયાની ચોર ઈસમો ચોરી કરી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે નોંધાવા પામી છે.

## મોરવા(હ)ના રસુલપુરની યુવતિનું અપહરણ કરનાર એમ.પી. બાડીપાલના ઈસમને ઝડપ્યા

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના રસુલપુર ગામના અપહરણ કરાયેલ યુવતિના અપહરણ કરતાને શોધી કાઢવા મોરવા(હ) પોલીસે ટેકનીકલ સર્વેલન્સની મદદ થી મદયપ્રદેશના બાડી ગામેથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના રસુલપુર ગામની અપહરણ અંગે મોરવા(હ) પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદના આધારે પોલીસે અપહરણકર્તાને શોધી કાઢવા ટેકનીકલ સર્વેલન્સની મદદ લીધી હતી. જેના આધારે મધ્યપ્રદેશના બાડીપાલ મહોલ્લા રાયસણને મોરવા(હ) પોલીસની રીતે ઝડપી પાડી મોરવા(હ) પોલીસ મથકે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હાલોલ-વડોદરા રોડ જ્યોતિ સર્કલ પાસે આઈસર ટેમ્પોમાં મંજુરી વગર લઈ જવાતી ભેંસો ભરેલ ટેમ્પો અકસ્માત કરી નાશી છુટીયો

ગોધરા,

હાલોલ-વડોદરા રોડ જ્યોતિ સર્કલ પાસે આઈસર ટેમ્પામાં ઘાસચારો કે પાણી વગર કુરતાપૂર્વક લઈ જવાતા ૧૭ ભેંસને પોલીસ દ્વારા બચાવી લેવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ-વડોદરા રોડ જ્યોતિ સર્કલ પાસ આઈસર ટેમ્પા નંબર જીજે.૨. ડબલ્યુ.૯૩૮૯માં મંજુરી વગર ઘાસચારો કે પાણી વગર લઈ કુરતાપૂર્વક વહન કરી લઈ જવાતા હોય અને આઈસર ચાલકે ટ્રેલર પાછળના ભાગે અથડાવી લઈ ટેમ્પો સ્થળ ઉપર મૂકી નાશી જઈ ગુન્હો કરતાં પોલીસે ૭,૭૭,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી.

## ગોધરા કુબા મસ્જીદ પાસે નદીના ઢાળમાં જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેર મેશરી નદીના ઢાળમાં ખુલ્લામાં વરલી મટકાનાો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૧૫,૭૩૦/-રૂપીયા સાથે પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર કુબા મસ્જીદ મેશરી નદીના ઢાળમાં કેટલાક ઈસમો વરલી મટકાના જુગાર રમતાહ હોય તે સ્થળે એ ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન અકિલ ઈકબાલ શેખ, અલ્પેશ ભીખાભાઈ પ્રજાપતિ, અમરૂદ્દીન મૈયુદ્દીન કાજી, શોએબ અહેમદ ગોરા, રામુભાઈ રાજેશભાઈ દંતાણીને ઝડપી પાડી ૧૫,૭૩૦/-રૂપીયા રોકડ જપ્ત કરવામાં આવી.

## ગોધરા-વડોદરા રોડ ઉપર નાદરખા ગામે રોડ ઉપર વાહનની ટકરે નીલ ગાયનું ઈજાઓ થતાં સારવાર કરાઈ



ગોધરા,

ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ નાદરખા ગામ પાસે નીલ ગાય જંગલ વિસ્તાર માંથી વિખૂટી પડી રોડ ઉપર આઈ પહોંચી હતી. જેના કારણે કોઈ વાહન ચાલે કે નીલ ગાયને ભયંકર ટક્કર મારી હતી. જેના કારણે તેના પાછળના પગના ભાગમાં ગંભીર ઈજા પહોંચી હતી. જેની જાણ ફોરેસ્ટ વિભાગને જાણકારી થતા જેથી ફોરેસ્ટ વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ તાત્કાલિક લોડિંગ ટેમ્પીમાં વેજલપુર ખાતે લઈ જઈને ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક સારવાર વેજલપુર ખાતે આવેલ પશુ દવાખાને લઈ જઈને નીલ ગાયની સંપૂર્ણ સારવાર કરાવી હતી.

## પંચમહાલ સહિત ગોધરામાં દિવાળી વેકેશન બાદ શાળાઓ ખુલતાં બાળકોની ચહલપહલ જોવા મળી

ગોધરા,

રાજ્યભરમાં દિવાળી વેકેશન પુરું થતાં આજથી શાળામાં શૈક્ષણિક સત્ર શરૂ થતાં શાળાઓમાં બાળકોના કોલાહલથી ગુંજી ઉઠશે.

દિવાળીનું ૨૧ દિવસનું વેકેશન પુરુ થતાં આજની શાળાઓમાં બીજા સત્રનું શિક્ષણ કાર્ય શરૂઆત થઈ. વેકેશન બાદ પહેલા દિવસે શાળાઓમાં બાળકો-વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી. બીજા સત્રની શરૂઆત સાથે બીજા સત્રના પુસ્તકો ખરીદવા સ્ટેશનરીની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી.

## પાવાગઢ રોપ-વેનુ સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ચેકિંગ કરાતા રોપ-વે બંધ : યાત્રિકોની લાંબી કતારો

હાલોલ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આવેલા રોપ-વેનુ પણ રાજય સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા રોજ ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યુ હતુ. ઈન્સ્પેકશન દરમિયાન રોપ-વે બંધ રહેતા યાત્રાળુઓની રોપ-વે બહાર લાંબી લાંબી કતારો જોવા મળતી હતી. પાવાગઢ ખાતે લાખોની સંખ્યામાં આવતા ભાવિ ભકતોને ડુંગર પર લાવવા લઈ જવાની કામગીરી રોપ-વે કંપની દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે મોરબી ખાતે થયેલ દુર્ઘટનના પગલે રોપ-વે કે આવી અન્ય કોઈપણ જગ્યાએ ભારે ભીડ થતી હોય છે જેના સંદર્ભે આની ફિટનેસ તેમજ તેની મજબુતાઈની ચોકસાઈ ચકાસવા માટે તંત્ર દ્વારા પગલા ભરવામાં આવી રહ્યા છે. પાવાગઢ ખાતે આવેલ રોપ-વેમાં પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટના નિષ્ણાંત ઈન્સ્પેકટર દ્વારા રોપ-વે બંધ અવસ્થામાં તેમજ ચાલુ અવસ્થામાં રાખીને સંપુર્ણપણે નિષ્ણાંતો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવી હતી. જેનો આશય યાત્રાળુઓની સુરક્ષા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જો કે, આ અંગે જાણવા મળતી માહિતી મુજબ આ પ્રકારનુ રોપ-વે નુ ચેકિંગ વર્ષમાં એકવાર માર્ચ મહિનાથી આજુબાજુ થતુ હોય છે. પરંતુ મોરબીની ઘટના બાદ તંત્ર નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં લઈ તાબડતોડ દરેક જગ્યાએ આ પ્રકારના ચેકિંગો હાથ ધરવામાં આવ્યા હોવાનુ જાણવા મળે છે.

## ૧૨૭-કાલોલ વિધાનસભા માટે ઉમેદવાર તેમના નામની દરખાસ્ત ૧૭મી નવેમ્બર સુધી મોકલી શકશે

ગોધરા,

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ૧૨૭-કાલોલ વિધાનસભા મતદાર વિભાગની ચૂંટણીની નોટીસ તા.૧૦/૧૧/૨૦૨૨ના રોજ પ્રસિદ્ધ કરેલ છે, જે અનુસાર આ વિધાનસભા મતદાર વિભાગ માટે ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર પૈકી કોઈ એક વ્યકિત ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર, સ્ટેમ્પ ડયુટી, પંચમહાલ, ગોધરાને પહેલો માળ, મામલતદાર કચેરી કાલોલ ખાતે તથા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર, કાલોલને પહેલો માળ, મામલતદાર કચેરી, કાલોલ, તા.કાલોલ, જિ.પંચમહાલ ખાતે મોડામાં મોડું તારીખ ૧૭મી નવેમ્બર-૨૦૨૨ (ગુરૂવાર) સુધીમાં કોઈ પણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧-૦૦ વાગ્યાથી બપોરના ૩-૦૦ વાગ્યા સુધીમાં ઉમેદવારી પત્રો પહોંચાડી શકાશે તેમ ચૂંટણી અધિકારી ૧૨૭ કાલોલ વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી પંચમહાલ ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## ૧૨૮-હાલોલ વિધાનસભા માટે ઉમેદવાર તેમના નામની દરખાસ્ત ૧૭મી નવેમ્બર સુધી મોકલી શકશે

ગોધરા,

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ૧૨૮-હાલોલ વિધાનસભા મતદાર ભાગની ચૂંટણીની નોટીસ તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરેલ છે. જે અનુસાર ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર,ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, હાલોલ, રૂમ ૩૦૪, ચૂંટણી અધિકારી, ૧૨૮-હાલોલ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી હાલોલની કચેરી, મુ. હાલોલ, તા.હાલોલ, જિ.પંચમહાલ ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર હાલોલ મુ.હાલોલ, તા.હાલોલ, જિ.પંચમહાલ ખાતે મોડામાં મોડું તારીખ ૧૭ મી નવેમ્બર- ૨૦૨૨ (ગુરૂવાર) સુધીમાં કોઈપણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧.૦૦ વાગ્યાથી બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં નામાંકન પત્રો પહોંચાડી શકશે તેમ ચૂંટણી અધિકારી ૧૨૮ હાલોલ વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી હાલોલ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## ગરબાડાના ઝરી ખરેલી ગામેથી દેશી કટ્ટા સાથે એક ઈસમને ઝડપ્યો

ગરબાડા,

દાહોદ એલ.સી.બી પોલીસે ગરબાડા તાલુકાના ઝરી ખરેલી ગામેથી એક શખ્સને દેશી તમંચા સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એલ.સી.બી.પોલીસે ગેરકાયદે હથિયારોની હેરાફેરી રોકવા જુદી જુદી ટીમ બનાવી નજર રાખી રહી હતી. તે સમયે ગરબાડા તાલુકાના ઝરી ખરેલી ગામેથી એક શખ્સ દેશી હાથ બનાવટના તમંચા સાથે ઝડપાઈ ગયો હતો. શખ્સની ઘનિષ્ઠ પુછપરછ કરતા જણાવ્યુ હતુ કે, તેના પિતા સબલાભાઈ મુછાભાઈ બામણિયા ઘણા સમય પહેલા આ હથિયાર કયાંકથી લાવ્યા હતા. તે હથિયાર કોની પાસેથી લાવ્યા તેની પકડાયેલા આરોપીને ખબર ન હતી.જેથી એલ.સી.બી.પોલીસે ગેરકાયદે હથિયાર સાથે ઝડપાયેલા આરોપી લક્ષ્મણ સબલા બામણિયાની પાસેથી હાથ બનાવટનો ગેરકાયદે રૂ.૨ હજારનો તમંચો કબ્જે કરી દાહોદ એલ.સી.બી.પોલીસે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી કાર્યવાહી હાથ ધરી હતી.

## ગરબાડાના પાંચવાડા ગામે મેઈન કેનાલની હલકી કામગીરીને લઈ સરપંચ દ્વારા કોન્ટ્રાકટરને રજુઆત

ગરબાડા,

ગરબાડા તાલુકાના પાંચવાડા ગામના ગુંડિયા ફળિયામાં આવેલી મેઈન કેનાલની કામગીરી હલકી કક્ષાની થતી હોઈ ગ્રામજનોએ સરપંચને જાણ કરતા સરપંચ દ્વારા કોન્ટ્રાકટરને રજુઆત કરવામાં આવી હતી.

ગરબાડા તાલુકાના પાંચવાડા ગામના ગુંડિયા ફળિયામાં આવેલ મેઈન કેનાલનુ હાલમાં અંદાજિત અઢી લાખના ખર્ચે ૧૦૭ મીટર જેટલી કામ મોટી સિંચાઈ દ્વારા હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ આ કામગીરી પાણીનો છંટકાવ કર્યા વિના ડ્રેસિંગ કર્યા વિના ધારાધોરણ મુજબ થતી ન હોવાની ગ્રામજનો દ્વારા પાંચવાડા સરપંચને જાણ કરાતા સરપંચના પતિ દ્વારા આ બાબતે કોન્ટ્રાકટરને રજુઆત કરવામાં આવી હતી. આ બાબતે સરપંચના પતિએ જણાવ્યુ હતુ કે, કેનાલના મેન્ટેનન્સનુ કામ વારંવાર થતુ નથી અને જો તેમાં વેઠ ઉતારવામાં આવે તો તે કામગીરી લાંબો સમય ટકે નહિ, જેથી ધારાધોરણ મુજબની કામગીરી કરવા માટે રજુઆત કરી હતી. જે બાબતની સ્થળ તપાસ કરતા ખરેખર કામગીરી હલકી કક્ષાની થતી હોવાનુ જોવા મળી રહ્યુ હતુ.

## ફતેપુરાથી સલરા સ્ટેટ હાઈવેની કામગીરી અધુરી છોડાતા લોકોમાં ભારે રોષ

ફતેપુરા,

ફતેપુરાથી વાયા ગલાલપુરા સલરા થઈ સલરા મહુડા સુધીનો ૭ કિ.મી.જેટલો નવીન ડામર રોડ દાહોદ જિલ્લાની હદ સુધીનો સરકાર દ્વારા મંજુર કરવામાં આવ્યો હતો. ડામર રોડ મંજુર કરાતા સ્ટેટ વિભાગ દ્વારા જવાબદાર કોન્ટ્રાકટર કંપની મારફતે કામગીરી શરૂ કરાવાઈ હતી. પહોળા ડામર રોડની કામગીરી શરૂ કરવામાં આવી હતી. કોન્ટ્રાકટર દ્વારા ૪ કિ.મી.જેટલો જ રોડ બનાવી અધુરી કામગીરી છોડી દેવામાં આવી હતી ત્યારે દાહોદ જિલ્લાની હદ સલરા મહુડા સુધી રોડની કામગીરી છેલ્લા બે-ત્રણ મહિનાથી પુર્ણ ન કરાતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે. અધુરી કામગીરી પુર્ણ કરવા લોકોની પ્રબળ માંગ ઉઠવા પામી છે. ફતેપુરા સલરા મહુડા સિવાય મહિસાગર જિલ્લાની હદ સુધીનો બટકવાડા સંતરામપુરનો રોડ પણ જર્જરિત થઈ જતા આ માર્ગ રિપેર કરી નવીન બનાવવા લોકોની માંગ ઉઠવા પામી છે.

## દાહોદ યુનિયન બેંકમાં પાસબુક એન્ટ્રીનું મશાની બંધ રહેતા મેનેજમેન્ટને નોટીસ

દાહોદ,

ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા દાહોદ શાખા ખાતે પાસબુકની એન્ટ્રી પાડવાનું મશીન ઘણા સમયથી બંધ રહેતા, બ્રાન્ચ મેનેજરને નોટીસ આપવામાં આવી. દાહોદ ખાતેની યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ખાતે ઘણા સમયથી ખાતા ધારકો પાસબુકની એન્ટ્રી પડાવવા જાય છે. ત્યારે બેંકના કર્મચારીઓ મશીન બંધ છે એન્ટ્રી નહીં પડે, થોડા દિવસ પછી આવજો તેમ કહેવામાં આવે છે, પાસબુકમાં એન્ટ્રી પાડવાનું મશીન છેલ્લા છ મહિનાથી બંધ હાલતમાં છે, ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે. એન્ટ્રીના અભાવે પોતાની ખાતાની નાણાંકીય પરિસ્થિતિ જાણી શકતા નથી. અંગે ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા દાહોદ બ્રાન્ચ મેનેજરને નોટીસ પાઠવવામાં આવી છે. મશીન ચાલુ નહીં થાય તો બેંકની સેવાની ખામી ધ્યાનમાં લઈ ગ્રાહક સુરક્ષા ધારા અન્વયે જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તે અંગે લેખિત નોટીસ પાઠવવામાં આવી હતી.